
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર - ૨૦૦૮

બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-




ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ - છપૈયા મંદિર

પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી  ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'
નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'


1


2



3


4


5


6


7


8


9


10


11


12

**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**

૧. ત્ર્યંબકેશ્વર-નાસિકમાં જ્યોતિર્લિંગ મહાદેવના દર્શને પૂ. સંતો તથા યાત્રિકો. ૨. નાસિકમાં પવિત્ર ગોદાવરી નદીના જળને માથે ચડાવતા પૂ. સંતો-ભક્તો. ૩. નાસિક તપોવનમાં મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણી બેઠકસ્થાનના દર્શન કરતા પૂ. સંતો તથા યાત્રિકો. ૪. પંઢરપુરમાં પવિત્ર ચંદ્રભાગા નદીના જળને માથે ચડાવતા પૂ. સંતો-ભક્તો. ૫/૬. રામેશ્વરમાં સમૂહમાં જ્યોતિર્લિંગ મહાદેવના દર્શને જતા પૂ. સંતો તથા યાત્રિકો. ૭. રામેશ્વરમાં શ્રીજીપ્રસાદિભૂત સમુદ્ર કિનારે અગ્નિતીર્થમાં ઠાકોરજીના અભિષેક સાથે સમૂહ સ્નાનોત્સવ. ૮. રામેશ્વર રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ. સંતો તથા યાત્રિકો. ૯. શ્રીરંગક્ષેત્રમાં શ્રીરંગ ભગવાનના દર્શને જતા પૂ. સંતો તથા યાત્રિકો. ૧૦. શ્રીરંગ ક્ષેત્રમાં વિશિષ્ટદ્વેતના આચાર્ય શ્રી રામાનુજચાર્યના પાર્થિવ દેહ સમાધિ સ્થાનના દર્શને પૂ. સંતો તથા યાત્રિકો. ૧૧. શ્રીરંગક્ષેત્રમાં શ્રીજીપ્રસાદિભૂત પવિત્ર કાવેરી નદીમાં ઠાકોરજીના અભિષેક કરતા પૂ. સંતો. ૧૨. શિવકાંચીમાં મુખ્ય ગોપુરમ્(દરવાજા)માં પૂ. સંતો તથા યાત્રિકો.



:: સંસ્થાપક ::　　　:: અધ્યક્ષ ::



# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૪, અંક :- ૩, તા. ૨૦-૦૯-૦૮

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાપનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com


## :: અનુક્રમણિકા ::


૧ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૫૯મા પ્રાગટ્યદિને શ્રીચરણોમાં કોટકોટિ વંદના... ૦૬
- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

૨ અદ્‌ભૂત ! અદ્વિતીય ! અકલ્પ્ય ! અને અભૂતપૂર્વ શ્રી સ્વામિનારાયણ સ્પેશયલ ટ્રેનયાત્રા... ૦૮
- ✤ નાસિક-ત્ર્યંબકેશ્વર (મહારાષ્ટ્ર રાજ્ય) ૧૦
- ✤ પંઢરપુર (મહારાષ્ટ્ર રાજ્ય) ૧૧
- ✤ રામેશ્વર (તામિલનાડુ રાજ્ય) ૧૨
- ✤ શ્રીરંગ ક્ષેત્ર - ત્રીચીનાપલ્લી (તામિલનાડુ રાજ્ય) ૧૩
- ✤ શિવકાંચી-વિષ્ણુકાંચી (તામિલનાડુ રાજ્ય) ૧૪
- ✤ ભૂતપુરી (તામિલનાડુ રાજ્ય) ૧૫
- ✤ તિરુપતિ-વેંકટાદ્રિ (આંધ્રપ્રદેશ) ૧૬
- ✤ જગન્નાથપુરી (ઓરિસ્સા રાજ્ય) ૧૮
- ✤ ભૂવનેશ્વર-સાક્ષીગોપાલ-કોણાર્ક (ઓરિસ્સા રાજ્ય) ૨૦
- ✤ મોક્ષદાયિની નગરી કાશી-બનારસ (ઉત્તરપ્રદેશ) ૨૧
- ✤ પ્રયાગરાજ અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ) ૨૨
- ✤ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ- છપૈયા (ઉત્તરપ્રદેશ) ૨૩
- ✤ શ્રીરામજન્મભૂમિ- અયોધ્યા (ઉત્તરપ્રદેશ) ૨૪
- ✤ દેવભૂમિહરિદ્વાર (ઉત્તરાખંડ) ૨૫
- ✤ દેવભૂમિબદ્રિનાથ (ઉત્તરાખંડ) ૨૬
- ✤ કેદારનાથ (ઉત્તરાખંડ) ૨૮
- ✤ મથુરા-ગોકુલ-વૃંદાવન (ઉત્તરાપ્રદેશ) ૨૯
- ✤ દ્વારિકા (ગુજરાત) ૩૦

સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

૩ ભારતીય રેલ્વેમાં સૌપ્રથમવાર એક નવો ઈતિહાસ... ૩૧
- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

૪ ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી... ૩૨
- સંકલિત

૫ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૪
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

# પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના

# ૫૯મા

# પ્રાગટ્યદિને

## શ્રીચરણોમાં કોટકોટિ વંદના...



અહો... ધન્ય હો !!! એ સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ અને સિદ્ધાંતવાદી-નીડર-સામર્થ-ધર્મકુળભૂષણ, ધર્મમાર્તંડ, ધર્મભાસ્કર સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાગટ્ય દિવસની ખુશી મહેકાવતો એ મંગળમય દિવસ...!!!

આ દિવસ એટલે વિ.સં. ૨૦૦૫, શ્રાવણ વદ - ૭/૮ (તા. ૧૬-૦૮-૧૯૪૯)ના પવિત્ર તહેવારનો ખૂબ મહત્ત્વનો દિવસ અને વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજની આ પૃથ્વી ઉપર આપેલી હીરા-ઝવેરાત સમાન ભેટનો દિવસ...!!!

આ હીરો એ બીજું કોઈ નહિ, પરંતુ ધર્મવંશી ધર્મકુળ વારસદાર આપણા ધર્મગુરુ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી...!!!**

પોતાના બાળપણથી જ અનેક સભાઓ અને અનેક મંદિરોમાં

પધરામણી કરી..., એમનો સાદગીભર્યો અને પ્રેમાળ સ્વભાવે તે સાચા સત્સંગીનું હૃદય બન્યા..., વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ - ૧૩/૧૪, નૃસિંહ જયંતિ (તા. ૧૩-૦૫-૧૯૮૪)ના પવિત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે અને શ્રી સત્સંગિજીવન તથા દેશ-વિભાગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કલમમુજબ તે સમયના વિદ્યમાન આચાર્ય પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ભાવિઆચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને દક્ષિણ વિભાગ વડતાલ દેશનું **'ગાદિપદ'** મહા પટ્ટાભિષેક મહોત્સવ પૂર્વક સોંપ્યું.

જેને આજે ૨૫ વર્ષ થયે સતે પણ શ્રીજીમહારાજની આજ્ઞા અને મરજી મુજબ તેઓશ્રી ખૂબજ નીડરતા અને સાવધાની પૂર્વક સંપ્રદાયની શુદ્ધિ-વૃદ્ધિ પૂર્વક નિભાવી રહ્યા છે. તેઓશ્રી હંમેશા ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્ય સિદ્ધાંતોને વળગીને તેનો ઉત્કર્ષસભર પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે.


જેમભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ મહાભારતમાં પાંડવોનો પક્ષ રાખ્યો, તેમજ ધર્મ અને સત્યની રક્ષા કરી. તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ તેઓના સાચા **વારસદાર અને સુપુત્ર** એવા પોતાના **અપરસ્વરૂપ સમાન** આપણા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે જ છે અને ધર્મ ને સત્યની રક્ષા કરે છે.


મહાપ્રતાપી, ધર્મધુરંધર, સનાતન ધર્મમાર્તંડ, સદ્ધર્મ પ્રવર્તક, સદ્ધર્મનિષ્ઠ, ધર્મ પ્રપોષક, આચાર્ય ચુડામણી, આચાર્યપ્રવર, સત્સંગ શિરોમણી, સત્સંગ ભૂષણ, ધર્માબ્જ ભાસ્કર, શ્રીહરિ અપર સ્વરૂપ સમા **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ધર્મના ઉત્થાનમાં નિરામય-દીર્ઘાયુષથી સદાકાળ પ્રવૃત રહે તેવી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના ચરણકમળમાં પ્રાર્થના સહ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શ્રીચરણોમાં **૫૯મા પ્રાક્ટ્યોત્સવ** પ્રસંગે અનેક સંતો-હરિભક્તોના **કોટિ કોટિ વંદન... સહ જય શ્રી સ્વામિનારાયણ.**


- સાધુ અમૃતસ્વરૂપદાસજી,
ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી















પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના
'રજત જયંતિ વર્ષ'નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા
ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ

# અદ્‌ભૂત ! અદ્વિતીય ! અકલ્પ્ય ! અને અભૂતપૂર્વ

# 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'

- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

વ્હાલા ભક્તજનો ! પૂર્વે ભગવાનના અવતારો અને સત્પુરુષોએ જ્યાં જ્યાં વિચરણ કર્યું છે તે બધાં સ્થાનો તીર્થો બન્યા છે. વળી, પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોના કલ્યાણ કરવા માટે નીલકંઠ વર્ણીરૂપે વનવિચરણ દરમ્યાન તેમજ સંપ્રદાયની સ્થાપના કરીને અનેક સ્થળોએ વિચર્યા છે. તે સ્થળોએ અનંત ઉત્સવો અને લીલાચરિત્રો કરી તથા ઉપદેશો આપીને તે તે સ્થળોને તથા વસ્તુઓને તીર્થરૂપ દિવ્ય બનાવી દીધાં છે. તે માટે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશમાં લખે છે : **'ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ; પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.'**

આ રીતે તીર્થમહિમાથી શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના શ્લોક ૮૩માં કહ્યું છે કે, **'कर्तव्या द्वारिका मुख्य तीर्थयात्रा यथाविधि ।'** 'સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી.'

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ વર્ણી વેશે૧૧ વર્ષમાં ૧૨,૫૦૦ કિ.મી.ની યાત્રા ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો ! અને ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા ! ન કશું અન્ન, ન કોઈ ફળ, અને માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલ પંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણની સમગ્ર ધરતી પર સાત વર્ષ પર્યંત ઘૂમી વળીને અનેક તીર્થોને વિષે નિજ પ્રતાપે તીર્થત્વનો ચેતના સંચાર કર્યો છે. સ.ગુ. શ્રી સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીમહારાજે ધર્મકુળની સાથે દ્વારિકાની યાત્રા કરવા મોકલ્યા હતા. શ્રી ધર્મદેવ અને શ્રી ભક્તિમાતા અને સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીનું મિલન પ્રયાગરાજ (અલ્હાબાદ)ને વિષે થયું હતું એ આદિ પ્રસિદ્ધ કથાથી તીર્થનો મહિમા જણાઈ આવે છે. તીર્થ એ સનાતન ભારતીય વૈદિક પરંપરાનું મહત્ત્વનું અભિન્ન અંગછે. તીર્થ એ હિન્દુ માનસની આસ્થાનું પવિત્ર કેન્દ્ર છે.

ઉપરોક્ત હેતુથી સર્વાવતારી ભગવાન શ્રી **સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા** અને રૂડા આશીર્વાદ સહ, તેમજ સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** ના અથાગ પરિશ્રમથી અને ટ્રેન સંચાલક શ્રી પ્રફુલભાઈ

ગઢવી (સત્સંગી ટ્રાવેલ્સ - રાજકોટ)ના સફળ મેનેજમેન્ટ પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક પવિત્ર **ચારધામો**ની પ.પૂ.સનાતન ધ.ધુ.શ્રી ૧૦૦૮ ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **'ગાદિ પટ્ટાભિષેક'**ના **રજત જયંતિ વર્ષ** નિમિતે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પાંચમી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**નું **તા. ૦૩-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૨ થી તા. ૦૩-૦૯-૦૮ ભાદરવા સુદ - ૪** સુધી આયોજન કરવામાં આવ્યું હતું.


આ ટ્રેનયાત્રા કુલ ૨૦ ડબ્બા(કોચ)ની રાખવામાં આવી હતી. જેમાં પૂ. સંતો-પાર્ષદો સહિત ૧૪૦૦ યાત્રિકો જોડાયા હતા. આ ટ્રેનયાત્રા એકત્રીસ દિવસની કેટલી દિવ્ય અને ભવ્ય હતી તેનું વર્ણન કરવું અશક્ય છે. એ તો જેમણે આ ટ્રેનયાત્રાનો નિજ અનુભવ કર્યો હોય તેઓનું જ અંતર માપી શકે. સામાન્ય રીતે આટલી લાંબી યાત્રા કર્યા પછી બીજી વખત યાત્રાએ ન જવાની યાત્રિકોમાં સ્વાભાવિક માનસકિતા કેળવાતી હોય છે, પરંતુ આ યાત્રાને અંતે યાત્રિકોએ જે પ્રતિભાવ પત્ર ભરેલ તેનું તારણ છે કે, 'પુનઃ આ પ્રકારની યાત્રા યોજાય તો આ વખતના યાત્રિકો પૈકી સિતેર ટકા જેટલા યાત્રિકો ફરીથી પણ જોડાવા માટે ઉત્સાહી છે.'

સંપૂર્ણ ટ્રેનયાત્રામાં જરા પણ કોઈ જગ્યાએ અવ્યવસ્થા થઈ જ નથી. એકદમસુંદર અને મહિમાથી યંત્રવત ટ્રેનયાત્રાનું સેવાકાર્ય ચાલતું. આ ટ્રેનયાત્રામાં કેટલી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી હતી તેની વધારે તો શું વાતો કરીએ ? પૂ. સ્વામીશ્રીના માર્ગદર્શન પ્રમાણે પીરસવાની જે વ્યવસ્થા, તેના વર્ણનથી ખ્યાલ આવશે કે આ ટ્રેનયાત્રાનું આયોજન કેટલું સુંદર અને વ્યવસ્થિત હશે. ૧૫ જેટલા ડબ્બા(કોચ)માં પીરસવાનું માત્ર પાંચ મીનીટમાં પૂર્ણ થઈ જતું હતું. ચાલુ ટ્રેનમાં જ તમામયાત્રિકોને પીરસાઈને જમવાનું કાર્ય ફક્ત ૧૫ થી ૨૦ મીનીટમાં પરિપૂર્ણ થઈ જતું હતું. આવી અનેકાનેક અદ્‌ભૂત વ્યવસ્થા ટ્રેનયાત્રામાં ઊભી કરવામાં આવી હતી. બહુ જ દિવ્ય આનંદ અપાવનારી એક અતિ ભવ્ય આ ટ્રેનયાત્રા ખરેખર જીવનની યાદગાર સ્મરણાંજલી રૂપ હતી. આ ટ્રેનયાત્રામાં ટ્રેનનો રૂટ તથા બસ દ્વારા તીર્થસ્થળોના દર્શન રૂટ મળી ૧૦,૦૦૦ હજારથી વધારે કિલોમીટરની આ તીર્થયાત્રા હતી. આ ટ્રેનયાત્રા ૧૦થી વધારે રાજ્યોમાંથી પ્રસાર થઈ હતી. આ યાત્રાએ છપૈયાધીશ બાળપ્રભુના ગગનચુંબી શિખરોથી લઈ જગન્નાથપુરીના સમુદ્ર કિનારા સુધીના અને હિમાલયના બદ્રી-કેદારનાથ વગેરે તીર્થોના દર્શન કરાવ્યા હતા. આ ટ્રેનયાત્રાએ ઐતિહાસિક અને અતિ પ્રાચીન કોણાર્કના સૂર્ય મંદિરથી લઈ આજના આધુનિક યુગના બોદ્ધ મંદિરો તથા ઈસ્કોન મંદિરોના દર્શન કરાવ્યા હતા. આ યાત્રાએ રામ-શ્યામ-ઘનશ્યામની જન્મભૂમિતથા ત્રણેયની રમણભૂમિના દર્શન કરાવ્યા હતા.

ભક્તજનો ! હવે આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક પવિત્ર **ચારધામો અને નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, ત્રીચીનાપલ્લી, શ્રીરંગક્ષેત્ર, મદ્રાસ, શિવકાંચી-વિષ્ણુકાંચી, ભૂતપુરી, તિરૂપતિ બાલાજી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કોણાર્ક (સૂર્યમંદિર), ગયાજી, બૌદ્ધગયા, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કેદારનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ** વગેરે તીર્થોના માહાત્મ્યની સાથે **અદ્‌ભૂત !, અદ્વિતીય !, અકલ્પ્ય !, અભૂતપૂર્વ ! અને સ્વઅનુભૂતિસભર,** અજોડ કલ્યાણકારી યાત્રામાં જોડાયેલ સંતો-ભક્તો સહિત ૧૪૦૦ યાત્રિકોની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત યાદ કરાવતા આ વિશેષાંકથી ટ્રેનયાત્રાના આછેરા સંસ્મરણને માણીએ ને તીર્થયાત્રાની અનુભૂતિ સહિત ઉત્કંઠાને પુનઃ પુનઃ નવી નવી જગાવીએ.

- **ટ્રેનયાત્રામાં ભારત દેશના ચારેય દિશાના મુખ્ય તીર્થધામો રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકાને આવરી લેવામાં આવ્યા.**
- **ટ્રેનયાત્રામાં ૪૦ થી વધારે પૂ. સંતો અને ૧૫૦ જેટલા સ્વયંસેવકો સહિત ૧૪૦૦ યાત્રિકોનો સંઘ.**
- **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પાંચમી સ્પેશ્યલ ટ્રેનયાત્રા.**
- **યાત્રિકોને રોજ બે સમય અલગ અલગ ફરસાણ-મિષ્ટાન્ન વાનગી સાથે મહાપ્રસાદ (ભોજન) અને એક વખત સવારે અલ્પાહાર તેમજ રોજ બે ટાઈમદૂધ આપવામાં આવ્યું.**
- **ટ્રેનયાત્રાના તમામયાત્રિકોને અન્નકૂટ જેટલી વાનગીઓનો પ્રસાદરૂપે આસ્વાદ કરાવનારા તમામપૂ. સંતોએ યાત્રા દરમ્યાન સંપૂર્ણ દિવસો સુધી ફરાળ જ કર્યું.**
- **ટ્રેનયાત્રા દરમ્યાન પૂ. સંતો અને સ્વયંસેવકો દ્વારા યાત્રિકો માટે મહાપ્રસાદ-ભોજનની વ્યવસ્થા.**
- **૨૦ જેટલા ડબ્બા(કોચ)માં પીરસવાનું માત્ર પાંચ મીનીટમાં પૂર્ણ થઈ જતું હતું. ચાલુ ટ્રેનમાં જ**

**અનુસંધાન પેજ - ૩૧ પર...**




# નાસિક-ત્ર્યંબકેશ્વર (મહારાષ્ટ્ર રાજ્ય)

## તા. ૦૪-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૩









**નાસિક** :- નાસિક પૂર્વકાળથી જ ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું શહેર છે. ગોદાવરી નદીને તટે વસેલુ શહેર છે. આ ક્ષેત્રમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીએ ૧૪ વર્ષના વનવાસ દરમિયાન ૧૦ વર્ષ કરતા વિશેષ નિવાસ કર્યો હતો. અહીંયા લક્ષ્મણજીએ શૂર્પણખાનાં નાકનું છેદન કરીને પોતાનું એક પત્નીવ્રત બતાવ્યું હતું. આ ક્ષેત્રમાં કાલારામ મંદિર, વનવાસ દરમિયાન જે ગુફામાં સીતાજી રહેતા હતા તે સીતા ગુફા, પંચવટી, તપોવન વગેરે તીર્થો આવેલા છે. અહીં દર બાર વર્ષે કુંભનો મેળો ભરાય છે. તે સમયે ગોદાવરી નદીમાં સ્નાન કરવાનો મહિમા અતિશય છે.





**ત્ર્યંબકેશ્વર** :- ત્ર્યંબકેશ્વર એ બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. ત્ર્યંબકેશ્વરના શિવલિંગ પર વિરાજમાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશના દર્શન થાય છે. એક કળશ પાણી સમાઈ જાય એટલો મોટો ખાડો શિવલિંગની નીચે છે. જ્યાં અંગુઠાના આકારના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વિરાજમાન છે. અહીંયાથી બ્રહ્મગિરિ પર્વત પર જવાય છે. જે ગોદાવરી નદીનું ઉદ્‌ભવ સ્થાન છે. ગૌતમઋષિએ કુશ-દર્ભથી ગોદાવરીના પ્રવાહને રોક્યો હતો તેથી તેને કુશાવર્ત તીર્થ કહે છે.





ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમિયાન **શ્રી નીલકંઠ વર્ણી** વેશે સં.૧૮૫૫ના દંડકારણ્યમાં આવ્યા. ત્યાંની શોભા જોઈને પ્રદક્ષિણા કરી અને તપોવનમાં વિશ્રાંતિ લીધી હતી. ત્યાંથી નાસિક શહેરમાં પધાર્યા. ત્યાંથી પંચવટી આવી કાલારામ મંદિર, સીતાગુફા વગેરેના દર્શન કરી ગોદાવરી નદીમાં જ્ઞાનઘાટમાં સ્નાન કર્યું. ત્યાં બે-ત્રણ દિવસ રોકાઈને ત્ર્યંબકેશ્વરમાં આવ્યા. ત્યાં શિવલિંગના દર્શન કરી, કુશાવર્ત તીર્થકુંડમાં સ્નાન કર્યું. પછી બ્રહ્મગિરિ પર્વત ઉપર ગયા. ત્યાં ગોદાવરી નદી જ્યાંથી નીકળે છે તે સ્થાન જોયું. પછી ત્યાંથી નીચે ઉતરી માલેગામ તરફ આગળ વધ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુરુ એવા શ્રી રામાનંદ સ્વામી પણ ઘરનો ત્યાગ કરીને તીર્થાટન કરતા કરતા અહીં પધાર્યા હતા.





# પંઢરપુર (મહારાષ્ટ્ર રાજ્ય)

## તા. ૦૫-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૪





આ તીર્થને પ્રાચીન પુંડલિકપુર પણ કહે છે. ચંદ્રભાગા અર્થાત્ ભીમા નદીની પાસે આ તીર્થ છે. અહીં શ્રી વિઠ્ઠલનાથજીનું શિખરબધ્ધ પૂર્વદ્વારે મંદિર છે, જેને પાંડુરંગ અથવા પંઢરીનાથ પણ કહે છે. ભક્ત પુંડલિકની માતા-પિતા પ્રત્યેની સેવાભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન શ્રીકૃષ્ણ તેને દર્શન દેવા પધાર્યા. પણ તે સમયે પુંડલિક માતા-પિતાની સેવામાં હતા. એટલે તેમણે ભગવાનને બીજુ આસન ન આપતા તેમને ઊભા રહેવા એક ઈંટ મુકી દીધી. તે ઈંટ ઉપર પુંડલિકની રાહ જોતા ભગવાન શ્રીકૃષ્ણ ઊભા રહ્યા. તેથી આ પંઢરપુર નામનું તીર્થક્ષેત્ર બની ગયું. અહીં દેવશયની અને પ્રબોધની એમ બે એકાદશીઓએ બાર માસમાં બે મેળા ભરાય છે અને ખૂબ વિશાળ પ્રમાણમાં વારકરી સંપ્રદાયના ભક્તજનો આ દિવસોમાં ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના દર્શનાર્થે અહીં આવે છે. સંત તુકારામ, સંત નામદેવ વગેરે સંતોની પણ આ નિવાસભૂમિ છે.



ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમિયાન નીલકંઠ વર્ણી વેશે અહીં બે માસ પર્યંત રહ્યા થકા રોજ ચંદ્રભાગા નદીમાં સ્નાન કરતા અને હંમેશા ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના દર્શન કરતા, અને ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં ભક્તજનો રોજ ભજન-કીર્તન, ધૂન કરતા તેને સાંભળી ખૂબ રાજી થતા. વિઠોબાને વારંવાર ભેટીને વંદન કરતા.

**શ્રી નીલકંઠ વર્ણી** બે માસ રહ્યા હતા તે સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદ તથા એક ચક્ષુની મૂર્તિ પધરાવવામાં આવી છે. અને ભગવાન શ્રીહરિના ગુરુ એવા શ્રી રામાનંદ સ્વામી પણ ઘરનો ત્યાગ કરીને તીર્થાટન કરતા કરતા અહીં પધાર્યા હતા.













# રામેશ્વર (તામિલનાડુ રાજ્ય)

## તા. ૦૭-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૬

ભારતમાં રહેલા બાર જ્યોતિર્લિંગમાંથી આ રામેશ્વર જ્યોતિર્લિંગ પણ તેમાંનું એક માનવામાં આવે છે. અને ચાર દિશાનાં ચાર ધામમાં શ્રી રામેશ્વર દક્ષિણ દિશાનું મુખ્ય ધામ છે.

જ્યોતિર્લિંગ પર દક્ષિણ ભારતનું કલાત્મક નકશીકામયુક્ત મોટું મંદિર બનાવવામાં આવ્યું છે. મંદિરની પૂર્વ-પશ્ચિમમાં આઠસો પાંસઠ ફુટ લાંબી અને ઉત્તર-દક્ષિણમાં છસો સતાવન ફુટ લાંબી દિવાલો બાંધવામાં આવી છે. પૂર્વ-પશ્ચિમમાં મોટા મોટા ગોપુરમ્ છે. અહીંયા મંદિરમાં વિશાળ ત્રણ પ્રદક્ષિણાઓ રાખવામાં આવી છે. તેમાં ત્રીજી પ્રદક્ષિણા છસો પચાસ ફુટ લાંબી અને ત્રીસ ફુટ ઉંચાઈવાળી છે અને ૧૨૦૦થી વધુ સ્તંભો છે. આ મંદિર ૨૦ વિઘા જમીનમાં પથરાયેલું છે. લક્ષ્મણતીર્થ, સીતાતીર્થ, સાક્ષીવિનાયક, જટાતીર્થ, ગન્ધમાદન(રામઝરૂખા) વગેરે અનેક નાના-મોટા તીર્થો આવેલા છે. અહીં શ્રી બલદેવજી પણ તીર્થ કરતાં કરતાં આવ્યા હતા. પાંડવો પણ તેમના વનવાસ દરમ્યાન આ સ્થાને આવ્યા હતા. આ અતિ પ્રાચીન ભૂમિછે.

શ્રીરંગક્ષેત્રથી નીકળી **શ્રી નીલકંઠ વર્ણી** માર્ગની અનેક કઠિનાઈઓ વેઠતાં શ્રી સેતુબંધ રામેશ્વર પહોંચ્યા હતા. અહીં રોજ સવારે ૪-૩૦ વાગ્યે સમુદ્રસ્નાન કરી શિવલિંગનાં દર્શન કરવા પધારતા હતા. પછી લક્ષ્મણતીર્થ, સીતાતીર્થ, સાક્ષીવિનાયક, જટાતીર્થ, ગન્ધમાદન જેને રામઝરૂખા પણ કહે છે, આ મંદિરોમાં દર્શન કરવા જતા હતા. સમુદ્રની પાસે બાગમાં નીલકંઠ મહાપ્રભુ ઉતર્યા હતા. ત્યાં રામ-કથા સાંભળતા હતા. આમ, આ સ્થળને પવિત્ર જાણી વર્ણીરાજ બે માસ ત્યાં રોકાયા હતા. આ સ્થાનમાં ભગવાન શ્રીહરિના ગુરુ શ્રી રામાનંદ સ્વામી પણ તીર્થાટન કરતા કરતા અહીં આવ્યા હતા. અને રામેશ્વરના નાના-મોટા તમામ તીર્થોના દર્શન કર્યા હતા.






















# શ્રીરંગ ક્ષેત્ર - ત્રીચીનાપલ્લી (તામિલનાડુ રાજ્ય)

## તા. ૦૮-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૭

શ્રીરંગક્ષેત્ર કાવેરી નદીના તટ પર આવેલું છે. શ્રીરંગ ભગવાનનું મંદિર દક્ષિણ સન્મુખ છે. આ મંદિર લગભગ ૫૦૦૦ વર્ષ જુનું માનવામાં આવે છે. ત્યાં ભગવાન શેષશય્યા પર પોઢેલા છે. મૂર્તિ ૧૦ ફૂટ લાંબી છે. તેની આગળ ઉત્સવમૂર્તિ છે. તેની સાથે બંને બાજુમાં શ્રીદેવી તથા ભૂદેવી છે અને નીલાદેવી અંતર્હિત છે. મંદિરની આગળના ભાગમાં સોનાનો સ્થંભ છે. ગરૂડાસન સ્થંભ પણ સોનાનો છે. મંદિર ઉપર સોનાના ઘુમ્મટમાં સુવર્ણની વાસુદેવ ભગવાનની મૂર્તિ છે. તેના તથા અંદરની ભાગે શેષશાયી મૂર્તિનાં, બ્રહ્મા, સૂર્ય અને વિભીષણાદિકનાં બહારથી દર્શન થઈ શકે એવી ઘુમ્મટમાં બહારથી રચના કરેલી છે. મંદિરના મુખ્ય રાજગોપુરમ્‌ની ઊંચાઈ ૨૭૦ ફૂટ છે અને દુનિયાનો સૌથી ઊંચો ગોપુરમ્ છે. અને મંદિરનો વિસ્તાર ૩ કિ.મી. જેટલો છે. ભારતમાં આવું વિશાળ મંદિર બીજે ક્યાંય જોવા મળતું નથી. આ મંદિરમાં ૧૦૦૦ સ્થંભવાળો સભામંડપ છે. અહીંયા ૯૦૦ વર્ષ પૂર્વે અંતર્ધાન થયેલા ભગવાન શ્રી રામાનુજાચાર્યના પાર્થિવ દેહને ચંદનાદિક લેપનથી અદ્યાપીપર્યંત સાચવી રાખવામાં આવ્યો છે. અને તેમની ગાદી પણ આ સ્થાનમાં છે.

**શ્રી નીલકંઠ વર્ણી** મહાપ્રભુ શિવકાંચી-વિષ્ણુકાંચીથી નીકળી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. અહીં કાવેરીગંગામાં સ્નાન કરી મહાપ્રભુ શેષશય્યા પર પોઢેલી શ્રીરંગનાથજીની ચતુર્ભુજ મૂર્તિનાં દર્શન કરવા પધાર્યા. વર્ણીરાજ ત્યાં રહેતા થકા દરરોજ મંદિરમાં દર્શને જતા. બીજા નાના-મોટા મંદિરોમાં પણ દર્શન કરવા જતા. નીલંકઠ વર્ણી શ્રીરંગક્ષેત્રમાં બે માસ સુધી રહ્યા હતા. અહિંયા સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીને સ્વપ્નમાં શ્રી રામાનુજાચાર્યના દર્શન થયા અને તેઓએ વૈષ્ણવી દીક્ષા આપી હતી.











# શિવકાંચી-વિષ્ણુકાંચી (તામિલનાડુ રાજ્ય)

## તા. ૦૯-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૮

બ્રહ્માંડપુરાણમાં ઉલ્લેખ છે કે કાશી અને કાંચી એ બે ભગવાન શંકરના નેત્ર છે. મોક્ષદાયી સાતપુરીમાં કાંચીપુરીની પણ ગણના થાય છે. તેને 'હરિહરાત્મકપુરી' પણ કહે છે. શિવકાંચી અને વિષ્ણુકાંચી એ ફક્ત બે માઈલના અંતરે જ છે. અહીં શિવકાંચીમાં વિશાળ ગોપુરમ્‌વાળું પૂર્વદ્વારે મંદિર છે. તેમાં આમેશ્વર નામના શંકર છે તથા કામાક્ષીદેવી પાર્વતીજીનું મંદિર છે. ત્યાં એક આશરે ૩૦૦૦ વર્ષ જુનું આંબાનું વૃક્ષ પુરાતની છે. તેમાં ચાર જાતની કેરીઓ, ખાટી-મીઠી-કડવી અને તૂરી થતી હતી. આ વૃક્ષમાં ત્યાંના લોકોની માન્યતા પ્રમાણે ચાર વેદ રહેલા છે. મંદિરમાં વિશાળ પ્રદક્ષિણા રાખવામાં આવેલી છે. આ મંદિરની મૂર્તિઓ ૩૫૦૦ વર્ષ જુની છે અને મંદિરનું બાંધકામ ૧૫૦૦ વર્ષ જુનું છે.

વિષ્ણુકાંચીમાં પશ્ચિમ દ્વારે વરદરાજ ભગવાનનું મંદિર ઉપરના ભાગમાં છે. તેમાં શ્રીદેવી અને ભૂદેવી સેવામાં છે. નૃસિંહ ભગવાન તથા લક્ષ્મીજી નીચે પૂર્વદ્વારે છે. આ મંદિર ઉપર સોનાના સાત કળશ છે. તથા સોનાનો સ્તંભ છે. મંદિરમાં અલગ અલગ બે-ત્રણ વિશાળ પ્રદક્ષિણા છે. ત્યાં અનંત નામનો કુંડ છે.

**શ્રી નીલકંઠ વર્ણી** તિરુપતિ (વેંકટાદ્રિ)થી નીકળી થોડા દિવસે કાંચીપુરી પહોંચ્યા હતા. અહીં શિવકાંચીમાં ભગવાન શંકરના દર્શન કરી ભવ્ય મંદિર નિહાળ્યું. ભગવાન શ્રીહરિએ આશરે ૩૦૦૦ વર્ષ જુનુ આંબાના વૃક્ષનો સ્પર્શ કરી પ્રસાદીભૂત કરેલ છે. શિવકાંચીમાં દર્શન કરી વિષ્ણુકાંચીમાં વરદરાજ શ્રી વિષ્ણુના દર્શન કર્યા. અહીંના કહેવાતા મઠાધિપતિઓ સાથે પ્રશ્ન-ઉત્તર કર્યા. તેમના મતનો સાર જાણી લીધો અને પછી ત્યાંથી નીકળી શ્રીરંગક્ષેત્રનો માર્ગ લીધો હતો.













# ભૂતપુરી (તામિલનાડુ રાજ્ય)

## તા. ૦૯-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૮



આ સ્થાન વિશિષ્ટાદ્વૈત મત પ્રવર્તનના મુખ્ય આચાર્ય શ્રી રામાનુજાચાર્યનું જન્મસ્થાન છે. અને તેની સામે મોટું મંદિર છે. તેમાં પ્રથમ શ્રી રામાનુજાચાર્યનું મંદિર છે, તેની નજીક આદિકેશવ ભગવાનનું મંદિર છે. મંદિરના ચોકમાં સુવર્ણ સ્થંભ છે. જન્મસ્થાનની જગ્યાએ દીવાલમાં રામાનુજ સ્વામીની તથા આદિકેશવની મૂર્તિઓ છે અને તેમના ૭૪ શિષ્યોની પણ મૂર્તિઓ છે. મંદિરની પાછળ અનંત સરોવર નામનો કુંડ છે. વૈકુંઠનાથ ભગવાનનું મંદિર છે. તેમાં શ્રીદેવી અને ભૂદેવી સેવામાં છે અને નીલાદેવી અંતર્હિત છે. અત્યારે આ સ્થાનને શ્રીપેરુમ્બુદુર તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમિયાન **શ્રી નીલકંઠ વર્ણી** વેશે અહિં પધાર્યા હતા.





# તિરૂપતિ-વેંકટાદ્રિ (આંધ્રપ્રદેશ)

## તા. ૧૦-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૯ થી ૧૨-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૧૧







વેંક એટલે પાપ. વેંકટ એટલે પાપનો નાશ. શેષાદ્રિ એ ભગવાનનું નામ હોવાથી તેનો સંબંધ થાય એટલે પાપ નાશ થઈ જાય છે.  વેંકટાચળને ભગવાન વિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવે છે. પુરાણની કથા છે કે ભગવાન શેષ અહીં પર્વત સ્વરૂપે બિરાજે છે. એટલે આ પર્વતને શેષાચલ પણ કહે છે. પ્રાચીન સમયમાં પ્રહ્લાદજી તથા ભક્ત અંબરીષ આ પર્વતને ભગવત્સ્વરૂપે સમજીને દૂરથી તેને નમસ્કાર કરીને જ આગળ નીકળી ગયા હતા. આ પર્વત પર વિશિષ્ટાદ્વૈતમત-પ્રવર્તક ભગવાન શ્રી રામાનુજાચાર્ય દંડવત્ પ્રણામ કરતા કરતા સાત માઈલ ચડ્યા હતા. રામાનુજાચાર્યના જે આઠ પીઠ છે, તે માહેલું એક પીઠ આ સ્થળે છે. આ સ્થળની ગાદીના આચાર્યોને શ્રી વેંકટાચાર્ય કહેવામાં આવે છે. આ સ્થાનનું આવું માહાત્મ્ય જાણી અહીં દક્ષિણના ઘણા યાત્રિકો દર્શન કરવા આવે છે. માનતા પણ રાખે છે. પર્વતનાં સર્વોચ્ચ શિખર પર ભગવાન વેંકટેશ્વરનું ભવ્ય મંદિર આવેલું છે. જે મંદિરમાં મોટા પ્રમાણમાં સુવર્ણનો ઉપયોગ થયો છે. જે સુવર્ણના ઘુમ્મટવાળું ભારતનું  જ નહિ પરંતુ વિશ્વભરનું સૌથી સમૃધ્ધ મંદિર છે. મંદિરની સમીપમાં જ સ્વામી પુષ્કરણી નામનું અતિપવિત્ર અતિ વિશાળ સરોવર રહેલું છે. આ તીર્થમાં મુંડન કરાવવાનો મોટા મહિમા હોવાથી લાખો યાત્રિકો પોતાની સુંદરતા મટી જશે એવા ભયનો ત્યાગ કરીને સહર્ષ મુંડન

કરાવે છે. મુખ્ય મંદિરથી થોડે દૂર ભગવાન વારાહનું મંદિર છે. આ મંદિરમાં વારાહ ભગવાનની ભવ્ય મૂર્તિ છે. અહીંયા વારાહ ભગવાનના દર્શન કરીને જ બાલાજી ભગવાનના દર્શન કરવાનો રિવાજ છે.

પર્વત ઉપર મુખ્ય દેવ વેંકટશ્વરને ઉત્તર ભારતવાસીઓ 'બાલાજી' નામથી બોલાવે છે અને પૂર્વભારતવાસીઓ 'ત્રિપતિબાલાજી' નામથી બોલાવે છે. ત્રિપતિ એટલે શ્રીદેવી, ભૂદેવી અને નીલાદેવી આ ત્રણેય દેવીઓના પતિ માટે ત્રિપતિ કહેવાય છે. આ તીર્થને વિદ્વાનો ભૂવૈકુંઠ માને છે. મંદિરમાં ભગવાન વેંકટેશ્વરની શ્યામ આરસની સાત ફુટ ઊંચી મૂર્તિ વિરાજમાન છે.

પર્વત પર પાંડવતીર્થ, આકાશગંગા, જાબાલીતીર્થ, વૈકુંઠતીર્થ, ચક્રતીર્થ, કુમારધારા, રામકૃષ્ણતીર્થ, ઘોણતીર્થ વગેરે ઐતિહાસિક તીર્થો રહેલા છે.

વર્તમાન સમયે વિશ્વભરમાં ધાર્મિક ક્ષેત્રે અધિક આમદાની (આવક) વાળું પ્રસિદ્ધ તીર્થ છે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા દરેક વહીવટ થાય છે. ભગવાનના મંદિર સમીપે સુવર્ણનો સ્તંભ છે. એની આગળ તિરુમહ-મંડપમ્ નામથી સભામંડપ છે. આ મંડપમાં બંધ બારણાવાળો એક કુંડ છે. જેમાં યાત્રિકો દ્રવ્ય અને આભૂષણો નાખે છે. જેની આવક રોજ-બરોજની બે કરોડ કરતા વધારે થાય છે તેમ કહેવાય છે. કલાકો સુધી રાહ જોયા બાદ ઉપર જવાની બસ ટીકિટ મળે છે. દર્શનાર્થીઓની લાઈન મોટી સંખ્યામાં થાય છે. છ થી સાત કલાકે દર્શનનો લાભ મળે છે. અહીં દેવસ્થાન ટ્રસ્ટે પર્વત પર જવા માટે ફ્રી બસ વ્યવસ્થા ગોઠવી છે. તેમજ ઉતારા, હાઈસ્કુલ, કોલેજ જેવા સામાજીક કાર્યો પણ કરે છે.

આ પર્વતની તળેટીમાં તિરુપતિ ગામ આવેલું છે. જેમાં ગોંવિદારાજ સ્વામીનું વિશાળ મંદિર છે. શેષશાયી ભગવાનની મુખ્ય પ્રતિમા છે. જેની પ્રતિષ્ઠા રામાનુજાચાર્યે કરી હતી. આ મંદિરની આજુબાજુ નાનામોટા પંદર મંદિરો છે. જેમાં શ્રી ગોદાઅંબાનું મંદિર છે. જેની પ્રતિષ્ઠા રામાનુજાચાર્યે કરી હતી.

માનસપતનથી નીકળી **બાળયોગી શ્રી નીલકંઠ વર્ણી** વેંકટાદ્રિ પહોંચ્યા હતા. અહીં બાલાજી ભગવાન (વેંકટેશ્વર)નાં દર્શન કર્યા. નીલકંઠ વર્ણી અહીંયા આવતા લાખો દર્શનાર્થી ભક્તોના કલ્યાણ અર્થે પધાર્યા હતા. મંદિરની બાજુમાં રહેલ વારાહ મંદિરના દર્શન કરી પાસે આવેલા વડ નીચે બિરાજ્યા. વારાહ ભગવાનનાં દર્શન કરવા આવનાર યાત્રિકો વડ નીચે ધ્યાનમગ્ન બિરાજેલા આ તેજસ્વી વર્ણીનાં દર્શન કરવા જવા લાગ્યા. લગભગ પાંચ દિવસ આ સ્થાને આ પ્રમાણે રહી લાખો દર્શનાર્થીઓને સુખ આપી પછી ત્યાંથી નીકળ્યા અને કાંચીપુરમ્‌ની વાટ પકડી હતી.

















# જગન્નાથપુરી ( ઓરિસ્સા રાજ્ય )

## તા. ૧૪-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૧૩ થી ૧૬-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૧૫

ચાર ધામોમાંનું આ એક યાત્રાનું મહત્ત્વનું ધામ, પૂર્વ તરફના સમુદ્ર કિનારા ઉપર ઓરિસ્સા રાજ્યમાં વસેલુંછે. શ્રી જગન્નાથજી ભગવાન ઓરિસ્સાના રાજા કહેવાય છે. તેઓ ભીલોના ભગવાન એ દરિદ્રોના દેવ તરીકે પંકાયા છે. અષાઢ સુદ બીજ રથયાત્રાના દિવસે લાખો ભાવિકો ઊમટે છે. ભગવાન રથમાં બિરાજે પછી સેંકડો માણસો તે રથને ખેંચે છે.

શ્રી જગન્નાથજી ભગવાનના મહામંદિરને ચાર પ્રકોષ્ઠ છે. ભોગમંદિર, જ્યાં ઠાકોરોજીને ભોગ ધરાવવામાં આવે છે. નૃત્ય મંદિર, જ્યાં સંગીત - નૃત્ય વગેરેથી ઠાકોરજીને રીઝવવામાં આવતા, જગન્નાથ મંદિર, જ્યાં યાત્રીઓ એકત્ર થઈ દર્શન લાભ લે છે. અને અંતઃપ્રકોષ્ઠ - જ્યાં જગન્નાથજીની પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. મંદિરના ઊંચા શિખર સૂચિ (સોય) આકાર કહેવાય છે, જે ૧૯૨ ફીટ ઊંચા છે, જેની ઉપર એક ચક્ર અને ધજા છે. સમુદ્ર કિનારાથી માત્ર ૧૦-૧૨ મિનિટના અંતરે આવેલા આ મંદિરની ભૂમિ સમુદ્રકિનારાથી ૨૦ ફીટ ઊંચી છે.

આ મંદિરમાં શ્રીકૃષ્ણ, બલદેવ અને સુભદ્રાની મૂર્તિઓ પધરાવેલી છે અને તેને વસ્ત્ર- આભૂષણો ધરાવી ધામધૂમથી પૂજા થાય છે. મૂર્તિઓને ચરણસ્પર્શ કરી શકાય છે તેમજ અંદર પ્રદક્ષિણા કરવા માટેની પણ સંપૂર્ણ જગ્યા છે. નિજમંદિરની સામે ગરુડસ્તંભ છે. શ્રીજીમહારાજ વર્ણીવેશે આ સ્તંભને ભેટયા હતા અને અહીંજ આસન કર્યું હતું.









ચાર ધામોમાં આ ધામનું મહત્ત્વ પણ ઘણું જ છે. મોટા મોટા પંડિતો, વિદ્વાનો, કવિઓ, ભક્તો અને આચાર્યો પણ આ ધામની યાત્રા કરીને જ પૂર્ણકામ થાય છે. ભક્તિમતી મીરાંબાઈ પણ અહીં દર્શને આવી ગયાં હતાં. વળી ચૈતન્ય મહાપ્રભુ તો પોતાના અંતિ સમયે જગન્નાથજીની મૂર્તિ પાસે કીર્તનભક્તિ કરતાં કરતાં જ શ્રી જગન્નાથજીની મૂર્તિમાં સમાઈ ગયાં હતાં.

બીજાં દર્શનીય સ્થાનોમાં મુખ્ય ઈન્દ્રદ્યુમ્નની રાણીના નામે ગુડિચા મંદિર છે. રથયાત્રાના સમયમાં અહીં શ્રીજગન્નાથજીના મંદિરની ત્રણેય મૂર્તિઓને રાખવામાં આવે છે. તે વખતે અસલ મંદિરમાં કોઈ મૂર્તિ રહેતી નથી. આ મંદિરના ઉત્તર ભાગમાં ઈન્દ્રદ્યુમ્ન સરોવર છે. આ સિવાય પણ મહોદધિ, રોહિણીકુંડ, માર્કંડેય તાલ, ચંદન તાલ, શ્વેતગંગા સરોવર, શ્રીલોકનાથ સરોવર, ચક્રતીર્થ વગેરે ઘણાં દર્શનીય સ્થળો છે.

**શ્રી નીલકંઠ વર્ણી** ૧૮ કિ.મી. દૂર આવેલા સાક્ષીગોપાલનાં દર્શન કરીને આષાઢી સં. ૧૮૫૪ નાં આ સરોવરને કાંઠે આવ્યા હતા અને અહીં ઊતર્યા હતા. જગન્નાથજીના પૂજારીને, મહારાજની અતિ રમણીય અને દિવ્ય મૂર્તિનાં દર્શન થતાં જ, ખૂબ ભાવ થયો હતો. તે રોજ મહારાજને જગન્નાથજીનો થાળ આપતા. અહીં શ્રીહરિએ રથયાત્રા ઉત્સવ પણ કર્યો હતો.

મંદિરથી લગભગ અર્ધો માઈલ દૂર ચંદન તળાવ છે. ત્યાં શ્રીહરિ રોજ યોગાભ્યાસ કરતા. જગન્નાથપુરીમાં તેઓ દસ માસ રહ્યા હતા. રોજ સમુદ્ર સ્નાન કરવા જતા. અહિં રહેતા ૧૦,૦૦૦ નાગડા બાવાનો ખૂબજ ત્રાસ હતો. એક વૈરાગીએ મહારાજને ભાજી તોડીને લાવવા કહ્યું. મહારાજે કહ્યું કે 'તેમાં જીવ છે માટે નહી તોડીએ.' એટલે તલવારથી ડારો દીધો પણ વૈરાગીના મોટેરાએ તો મહારાજનો પક્ષ લીધો. આમ અંદર અંદર કજીયો થયો અને ત્યાંજ અસ્ત્રશસ્ત્ર વડે સૌ અંદરો અંદર લડવાનું શરૂ કર્યું. જે યુદ્ધ આશરે બે માસ સુધી ચાલતું રહ્યું જેમાં બધા જ બાવાઓ માર્યા ગયા. આ પ્રમાણે અસુરોનો નાશ કરી, પોતે ત્યાંથી ચાલી નીકળવાનો સંકલ્પ કર્યો.


# ભૂવનેશ્વર-સાક્ષીગોપાલ-કોણાર્ક (ઓરિસ્સા રાજય)

## તા. ૧૫-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૧૪







**ભૂવનેશ્વર :-** ઓરિસ્સા રાજ્યની રાજધાની ભૂવનેશ્વર શહેરમાં લીંગરાજ ભૂવનેશ્વર મહાદેવનું આવેલ છે. આ લીંગ સ્વયં ધરતીમાંથી પ્રગટ થઈ છે તેથી આ શહેરનું નામ પણ ભૂવનેશ્વર રાખવામાં આવ્યું છે.





**સાક્ષીગોપાલ :-** જગન્નાથ પુરીથી ૧૦ કિ.મી દૂર આવેલ સાક્ષીગોપાલ મંદિર આવેલ છે. આ મૂર્તિ તીર્થવાસી એક બ્રાહ્મણ પુત્ર અને બીજા એક વૃદ્ધ બ્રાહ્મણ વચ્ચે થયેલ કરારના સાક્ષીરૂપે વૃંદાવનથી આવી હતી.





**કોણાર્ક :-** ભારતીય સ્થાપત્યકળાની બેનમૂન સિદ્ધિ અને વિશ્વમાં અજોડ કહી શકાય તેવા કોણાર્કમાં આવેલ ભવ્ય સૂર્ય મંદિરની કલાકોતરણી જોઈને સૌ આશ્ચર્યચક્તિ થઈ ઊઠે છે. કહેવાય છે કે એક સમયે મંદિરના એક ભાગમાં શિખર પર એક ખૂબ જ મોટું લોહચુંબક લગાવેલું હતું. જેની શક્તિ એટલી તીવ્ર હતી કે પાસે આવતા જહાજો અહીં ખેંચાઈ આવતા. મંદિરની રચના એક વિશાળ રથરૂપે કરવામાં આવી છે, જેના ૨૪ ચક્રો આજે પણ જોવા મળે છે. દરેક ચક્ર સાડા દસ ફૂટ ઊંચા છે.





**ધોલાગીરી :-** આ સ્થાને મગધના રાજાના અશોક સમ્રાટે કલિંગની પ્રજા સાથે યુદ્ધ કર્યું હતું. તેમાં લાખોની સંખ્યામાં કલિંગ પ્રજા ભોગ બની હતી. બાજુમાં રહેલ દયા નદીનું પાણી લોહીથી લાલ બની ગયું હતું. આ દૃશ્ય જોઈને અશોક સમ્રાટ શોકમગ્ન થઈ ગયા અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં બોદ્ધધર્મ સ્વીકારી તેમનો પ્રચાર દુનિયા દેશોદેશમાં કર્યો હતો. અત્યારે તે સ્મૃતિરૂપે ધોલાગીરીમાં શાંતિસ્થૂપ બોદ્ધ સમારકના બનાવવામાં આવ્યું છે.




# મોક્ષદાયિની નગરી કાશી-બનારસ (ઉત્તરપ્રદેશ)

## તા. ૧૮-૦૮-૦૮, શ્રાવણ વદ - ૨



સાત મોક્ષદાયિની ગણાતી નગરીઓમાં કાશી મુખ્ય ગણાય છે. તેને દેવનગરી પણ કહે છે, તેથી જ કાશીનું મરણ પ્રશંસા પામ્યું છે. હિન્દુઓ માટે આ નગરી અતૂટ ધાર્મિકતા, પવિત્રતા, પુણ્ય અને વિદ્યાનું સ્થાનક છે. અનેક હિન્દુ સંપ્રદાયો ઉપરાંત બૌદ્ધ ધર્મના સિદ્ધાંત પણ આ જ ધરતી પર ઉદ્‌ઘોષિત થયા હતા. ગૌતમબુદ્ધે ગયામાં 'સંબોધિ' જ્ઞાન પ્રાપ્ત કર્યું અને વારાણસીના સારનાથમાં આવીને ધર્મચક્રનું પ્રવર્તન કર્યું હતું. આમ આ નગર આર્યોની સંસ્કૃતિની અનેક લીલાઓનું કેન્દ્ર સ્થાન બની ચૂક્યું હતું. આ પૌરાણિક નગરીનો ઉલ્લેખ અનેક પુરાણોમાં આવે છે. સ્કંદપુરાણમાં કાશીની કથા આપવામાં આવી છે.




બ્રહ્માજી પર ક્રોધે ભરાયેલા શિવજીએ બ્રહ્માનું માથું (કપાલ) કાપી નાખ્યું પણ તે નીચે પડવાને બદલે શિવજીની હથેળી સાથે ચોંટી ગયું. એ પછી શિવજી 'કાપાલી' તરીકે ઓળખાયા. શિવજીએ અનેક તીર્થો કર્યાં પણ બ્રહ્મહત્યા તો વળગેલી જ રહી. છેવટે કાશી આવ્યા અને મસ્તક હથેળીમાંથી છૂટું પડી ગયું. જે સ્થળે આ ઘટના બની તેને કપાલમોચન તીર્થ તરીકે સૌ ઓળખે છે. શિવજીએ આ સ્થળે જ કાયમ નિવાસ કરવા વિષ્ણુની સંમતિ માગી. આથી તેમને પણ હર્ષનાં આંસુ આવી ગયાં. તે બિંદુ જયાં પડ્યાં ત્યાં આજે 'બિંદુ સરોવર' વિદ્યમાન છે.



અહીંનું જયોતિર્લિંગ શિવે જાતે જ સ્થાપ્યું હતું, અને તેનું નામ 'અવિમુક્તેશ્વર' રાખ્યું હતું. આજે એ જ જગ્યા 'કાશીવિશ્વનાથ મહાદેવ' નામે પ્રસિદ્ધ છે. અને આ નગર વરણા અને અસિ બે નદીઓની વચ્ચેના વિસ્તારમાં વસ્યું હોવાથી 'વારાણસી' તરીકે પણ ઓળખાય છે. અને બનાર નામે રાજાએ વસાવ્યું તેથી બનારસ તરીકે પણ ઓળખાય છે.

ભક્તિ સાહિત્યના અનન્ય ભક્તોનો નિવાસ આ તીર્થમાં હતો. જેમાં કબીરજી, રૈદાસ, તુલસીદાસ વેગરે મુખ્ય હતા. ગૌમઠમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ૧૧ વર્ષની ઉંમરે ઘનશ્યામસ્વરૂપે વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને 'વિશિષ્ટદ્વૈત' મતની સ્થાપના કરી હતી. આવી આ નગરીએ આજે પણ પોતાનું પૌરાણિક ગૌરવ જાળવી રાખ્યું છે.












# પ્રયાગરાજ અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ)


## તા. ૧૯-૦૮-૦૮ શ્રાવણ વદ - ૩

પ્રાચીન સમયથી પ્રયાગ નામે ઓળખાતી સપ્તપુરીમાંની આ નગરી હવે અલ્હાબાદ નામે ઓળખાય છે. સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ ગણાતા આ તીર્થમાં બ્રહ્માજીએ યજ્ઞો કર્યા હતા, તેથી તે પ્રયાગ કહેવાયું. આ સોમ, વરુણ અને પ્રજાપતિનું જન્મસ્થળ પણ કહેવાયું છે.

યજ્ઞસ્થાનો, દશાશ્વમેધ ઘાટ તથા પ્રાચીન અક્ષયવટ યાત્રિકો માટેનાં દર્શન સ્થાન છે અને ત્રિવેણીસંગમમાં સ્નાન એ આવશ્યક મનાય છે. અક્ષયવટ બહુ જ પ્રાચીન વડ છે. કહે છે કે પ્રલય સમયે આ વડના પત્ર ઉપર ભગવાન બાલમુકુંદ પોઢે છે. ત્રિવેણી સંગમ પાસેના જૂના કિલ્લામાં નીચે ગુફા છે. આ ગુફાને પ્રાગવડની ગુફા કહે છે.



અહીં ગંગાજી, યમુનાજી તથા અંતઃસલિલલા સરસ્વતીનો સંગમથાય છે એટલે આ 'મુક્ત ત્રિવેણી' ને નામે ઓળખાય છે. ફરી બંગાળમાં ત્રણે નદીઓ જુદી થઈ જાય છે. આ એક કુદરતી ચમત્કાર છે. તે જોઈ લોકો મુગ્ધ બની જાય છે. પુરાણની કથા પ્રમાણે જ્યારે ગંગાજી અહીં પધાર્યાં ત્યારે યમુનાજી અર્ધ્ય લઈ સન્માન કરવા ગયા. ગંગાજીએ કહ્યું કે 'હું તારામાં સમાઈશ તો તારા મહામોટા મહિમાને લઈને મારું નામ ભુલાઈ જશે.' એટલે યમુનાજીએ કહ્યું કે 'એવી બીક ન રાખીશ, હું તારામાં સમાઈ જઈશ.' એ પ્રમાણે લગભગ ૪૦૦ ગાઉ સુધી યમુનાજી ગંગાના વહેણમાં સમાયાં, જે ગંગા તરીકે જ ઓળખાયછે.



અહીં જ રહીને ભગવાન વેદવ્યાસે શિવપુરાણ રચ્યું હતું એમ પણ કહેવાય છે. ભરતજી ભગવાન શ્રી રામચંદ્રજીને મળવા માટે જતાં હતા ત્યારે ભારદ્વાજમુનિએ ભરતજી સન્માન-સ્વાગતમાં મહેલો પોતાની યોગકળાથી ઊભા કર્યા હતા, પરંતુ ભરતજી એક તૃણની કુટિરમાં નિવાસમાં રાત્રિનિવાસ કર્યો તેવા ભારદ્વાર મુનિનો આશ્રમ, બિંદુ માધવ, વેણી માધવ, નાગવાસુકી વગેરે સ્થળો પવિત્ર છે.









# છપૈયા (ઉત્તરપ્રદેશ)


**તા. ૨૦-૦૮-૦૮ શ્રાવણ વદ - ૪ થી**
**૨૨-૦૮-૦૮ શ્રાવણ વદ - ૬**


છપૈયા એટલે સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યભૂમિ.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં છપૈયા એક શિરમોડ તીર્થસ્થાન છે. સમગ્ર પૃથ્વિના બીજા કોઈ સ્થાનને પસંદ ન કરતાં શ્રીજીમહારાજે છપૈયાને જન્મસ્થાન તરીકે પસંદ કર્યું. તેથી જ તો સમગ્ર પૃથ્વિમાં આ સ્થાનને તોલે કોઈ ન આવે. અરે ! આ સ્થાનમાં ભગવાને ઘણાંક બાળચરિત્રો કરી આ ધરતીના એક એક રજકણોને પરમપવિત્ર કર્યા છે. કોઈપણ પાપી જીવાત્મા આ ભૂમિ પર આવતાની સાથે જ પ્રથમ ક્ષણે જ પોતાના અંતરે આનંદના ફૂવારા છૂટે, શાંતિનો સમુદ્ર રેલાય. અરે ! આ જન્મે તો શું પણ અનેક જન્મે જે સુખશાંતિનો અહેસાસ ન થયો હોય તેવી સુખશાંતિનો અહેસાસ આ પૃથ્વિ પર આજે પણ થાય છે. આ કારણથી જ મહાપુરુષોએ વારંવાર કહ્યું છે કે જિંદગીમાં એકવાર જરૂર છપૈયાની યાત્રા કરવી જ. અને મહિમા પણ તેથી જ ગવાય છે કે જેને ભગવાને સગવડતા આપી છે છતાં પણ આખી જિંદગીમાં છપૈયાની યાત્રા નથી કરી તેનો મનુષ્ય જન્મ નિરર્થક મનાય છે.



આ પૃથ્વિ પર પધારેલા બાળપ્રભુના રૂપને જોઈ છપૈયાની નારીઓ 'ઘનશ્યામ' એવા વ્હાલા નામથી બાળપ્રભુને પુકારતી. આજે પણ સંપ્રદાયમાં છપૈયાની ધરતીને બાળપ્રભુ શ્રી ઘનશ્યામની - રમણભૂમિ તરીકે દર્શાવાય છે. બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે આ ભૂમિ પર નાની નાની પગલીઓ પાડી છે, અરે ! ઘણીવાર બાળચરિત્રો કરતાં બાળપ્રભુએ માતા ભક્તિથી રિસાઈને આંસુડા પાડેલા છે. જ્યારે જ્યારે બાળપ્રભુ આ ચરિત્ર કરતાં ત્યારે અક્ષરધામના મુક્તો આવી બે હાથ જોડી, કરગરી કહેતાં કે હે પ્રભુ ! આવી રીતે નાની પગલીઓ પાડતા હોય, આંખમાંથી આંસુડાની ધારા વહેડાવતા હોય તેવા દર્શન તો અક્ષરધામમાં પણ દુર્લભ છે. તેથી આ ભૂમિને સંપ્રદાયમાં આજે અક્ષરધામ કરતાં પણ મહાન મહિમાવંતી ભૂમિ તરીકે ગુણગાન ગવાય છે અને અનંતકાળ સુધી ગવાતા રહેશે.














# અયોધ્યા (ઉત્તરપ્રદેશ)

## તા. ૨૨-૦૮-૦૮ શ્રાવણ વદ - ૬


પુરાણયુગથી પ્રસિદ્ધ અયોધ્યા નગરીમાં સમૃદ્ધિની છોળો ઊછળતી. તેની સ્થાપના મનુ ભગવાને કરી હતી. સ્કંદ પુરાણ કહે છે : 'અયોધ્યાનગરી સુદર્શન ચક્ર ઉપર વસેલી નગરી છે. બ્રહ્મા, શિવ અને વિષ્ણુ આ ત્રણેનું સમન્વિત સ્વરૂપ એટલે આ પવિત્ર નગરી. અહીંનો બ્રહ્મકુંડ બ્રહ્માએ બનાવ્યો હતો અને આ જ કુંડ પાસે આવેલા ઋષમોચન તીર્થમાં લોમશઋષિએ સ્નાન કર્યું હતું.અહીં સૂર્યવંશી રાજા દશરથને ત્યાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ત્રેતાયુગમાં પ્રગટ થયા, એમની જન્મભૂમિ આજે પણ ' રામજન્મભૂમિ' તરીકે ઓળખાય છે. ભારતભરમાંથી લાખો યાત્રિકો અહીં દર વર્ષે 'રામલલા' નાં દર્શન માટે ઊમટે છે.

અહીંનું બીજું મુખ્ય મંદિર કનકભવન છે. જે સીતાજીના રાજમહેલ તરીકે અને રામના અંતઃપુર તરીકે ઓળખવામાં આવે છે. ઓરછાના મહારાજાએ એ ભુવન બનાવ્યું હતું.

સરયૂ કિનારાથી એક માઈલના અંતરે ઊંચા ટેકરા પર હનુમાનગઢીનું મંદિર છે. જેમાં હનુમાનજીની વિશાળ મૂર્તિ છે. એક દોરી ખેંચીને હનુમાનજીને વિંઝણો ઢાળવાની અહીં પ્રથા છે. બાળપ્રભુ શ્રી ઘનશ્યામ(ભગવાન શ્રી સ્વામિનારાયણ) રોજ હનુમાનગઢી જતા ને રામકથાનો લાભ લેતા એવું એ પ્રસાદીનું મંદિર છે.


ભગવાન શ્રી સ્વામિનારાયણનું ૩ થી ૧૧ વર્ષ સુધીનું બાળપણ અયોધ્યામાં બરહટ્ટાપુરમાં વીત્યું હતું. તે પ્રાસાદિક ઘર હતું તેની આગળના ભાગમાં હાલ શિખરબદ્ધ મંદિર કરવામાં આવ્યું છે. સામે જ રામાનંદ સ્વામીનું જન્મસ્થાન છે. ફળિયામાં પ્રસાદીનો કૂવો છે. શ્રી ઘનશ્યામ પ્રભુના પિતા ધર્મદેવને માતા ભક્તિદેવીની સ્મૃતિ રૂપે આરસની દેરીઓ છે. એક હલવૈની દુકાન છે, જ્યાં શ્રીહરિ મીઠાઈ જમતા. ઘરની પાછળ શિવમંદિર છે. જ્યાં તેઓ બપોરે સુવા જતા. અયોધ્યાની ગલીઓ, મંદિરો એ બધી જ શ્રીહરિની રમણભૂમિ છે. સરયૂ કિનારાનો રામઘાટ પ્રસિદ્ધ છે. તે ઘાટ પરથી જ બાળપ્રભુને વનવિચરણના પ્રારંભના જ દિવસે કૌશિક નામના અસુરે ધક્કો મારીને સરયૂ નદીમાં ફગાવી દીધા હતા.



# દેવભૂમિ હરિદ્વાર (ઉત્તરાખંડ)

## તા. ૨૩-૦૮-૦૮ શ્રાવણ સુદ - ૭



ઉત્તરાંચલ રાજ્યના સહરાનપુર જિલ્લામાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ છે. અહીં ગંગાજી સપ્તધારાયુક્ત ધીરગંભીર ભાવે વહે છે. આ ગંગાદ્વાર પણ કહેવાય છે. પુરાણમાં આ શહેરનો માયાપુર નામે પણ ઉલ્લેખ છે. વૈષ્ણવો 'હરિદ્વાર' પણ કહે છે.

પુરાણો પ્રમાણે આદિકાળમાં અહીં બ્રહ્માએ વિરાટ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું. વળી, બદ્રિનાથ અને કેદારનાથ જવાના માર્ગ ઉપર હોઈ તેથી આ ધામનું મહત્ત્વ ઘણું છે. ગંગાદ્વાર, કુશાવર્ત, બિલ્કેશ્વર, નીલ પર્વત અને કનખલ આ પાંચ પ્રધાન તીર્થો અહીં જ છે. ગંગાદ્વાર ઉપર બ્રહ્મકુંડ છે. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો હતો અને બધા જ દેવતાઓને આમંત્રણ આપ્યું હતું. પણ શિવજીને આમંત્રણ ન આપ્યું એટલે તેમનાં પત્ની અને દક્ષનાં પુત્રી સતી (પાર્વતી) અહીં દક્ષના યજ્ઞકુંડમાં પડી જાતે બળી ગયાં હતાં તે સતીકુંડ પણ અહીં છે.

આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણીવેશે વનવિચરણ કરતાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમ શિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. એ પ્રસાદીનું શિવમંદિર આજે પણ વિદ્યમાન છે. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવું આ મહાન પ્રસાદીનું સ્થાન છે.


# દેવભૂમિબદ્રિનાથ ( ઉત્તરાખંડ )

## તા. ૨૬-૦૮-૦૮ શ્રાવણ વદ - ૧૦

બદ્રીનાથમાં બદ્રી વિશાલજીનું મંદિર છે. તેમાં બદ્રીનાથજીની મૂર્તિ શાલીગ્રામશિલામાંથી બનેલી ધ્યાનમગ્ન ચતુર્ભુજ મૂર્તિ છે. કહેવાય છે કે એક વાર ભગવાન નારાયણે નારદજીને કહેલું કે કળિયુગમાં મારા સાક્ષાત્ દર્શન અસંભવ છે. તેથી કળિનો પ્રભાવ ટાળવા એક કુંડમાં મારી મૂર્તિ છે તેનો ઉદ્ધાર કરી મંદિર બાંધો અને પૂજા કરો. અને એ મૂર્તિ જે કુંડમાંથી નીકળી તેને નારદ કુંડ કહે છે. દેવતાઓની પ્રાર્થનાથી વિશ્વકર્માએ સુંદર મંદિર બાંધ્યું. અને તેજ બદ્રિવિશાલ મંદિર.

જ્યારે બૌદ્ધોનું પ્રાબલ્ય ભારતદેશમાં થયું ત્યારે મંદિર પર તેમનો અધિકાર થયો. તેથી તેઓ બદ્રીનાથની મૂર્તિને બુદ્ધની મૂર્તિ માનીને પૂજા કરતા. જ્યારે શંકરાચાર્યે બૌદ્ધોનો પરાજય કર્યો ત્યારે ત્યાંથી બૌદ્ધો તિબેટ ભાગી ગયા. અને ભાગતી વખતે તે મૂર્તિને અલકનંદામાં ફેંકી દીધી. શંકરાચાર્યજી જ્યારે બદ્રીનાથ પધાર્યા ત્યારે મંદિર ખાલી જોયું અને ધ્યાન કરીને પોતાના યોગબળથી મૂર્તિની સ્થિતિ જાણી અને તેને અલકનંદાના પ્રવાહમાંથી કાઢીને તે મૂર્તિને મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત કરી અને દક્ષિણના નામ્બુદ્રીપાદ બ્રાહ્મણોને પૂજારી તરીકે મુક્યા જે રાવળ તરીકે ઓળખાય છે. આ બ્રાહ્મણોના વંશજો આજે પણ મંદિરમાં પૂજા અર્ચન કરે છે. આમઆ તીર્થ ભારતની ભાવાત્મક એકતાની આધારપીઠ સમું બની રહેલું છે. આજે પણ હજારો યાત્રી ઉત્કંઠા અને ઉત્સાહ સાથે હિમશિખર પર બીરાજમાન શ્રી બદ્રી વિશાલના દર્શન માટે નિયમીત આવે છે. અહીં પંદરમી સદીમાં શ્રી રામાનુજ સંપ્રદાયના સ્વામી શ્રી વરદરાજાચાર્યજીની શુભ પ્રેરણાથી ગઢવાલ નરેશે મંદિરનું નિર્માણ કરાવ્યું અને ઈંદોરના સુપ્રસિદ્ધ મહારાણી અહલ્યાબાઈએ તેને સુવર્ણથી મઢાવ્યું.

આ પ્રસિદ્ધ મંદિરમાં બદ્રીવિશાલજીની મૂર્તિ મધ્યમાં છે ડાબે નર અને જમણે નારાયણની મૂર્તિ છે. જે શ્યામપથ્થરની છે. જમણે કુબેર બીરાજે છે. અને બદ્રીનાથની સમ્મુખ ડાબી તરફ વિષ્ણુની ધાતુની ઉત્સવમૂર્તિ છે. જ્યારે શિયાળામાં છ માસ અત્યંત ભયાનક હિમવર્ષાનો સમય હોય ત્યારે મંદિરમાં રહેલી વિષ્ણુની ઉત્સવમૂર્તિ લઈ પૂજારી ( રાવળ ) છ હજાર એક સો ફીટ નીચે આવેલા શંકરાચાર્ય સ્થાપિત જોશી મઠમાં આવે છે. તે દરમ્યાન મુખ્ય મંદિરમાં નારદજી આજે પણ પૂજા કરે છે. જે મંદિરમાં થતા ઘંટારવ અને અન્ય પુરાવાથી માનવામાં આવે છે. અહીં મુખ્ય મંદિરની બહાર શંકરાચાર્યજીની ગાદી છે. મંદિરની બહાર આદિ કેદારનું મંદિર છે. તે કેદારનાથની નીચે તપ્ત કુંડ છે જેમાં કુદરતી ગરમપાણી વહ્યા કરે છે. તેની નીચે પાંચ શિલા છે. ૧. ગરુડ શિલા, જે શિલા કેદારનાથ મંદિરને અલકનંદાના પ્રવાહથી રોકે છે. તે ગરુડશિલા નીચેથી ગરમપાણી તપ્ત કુંડમાં આવે છે. ૨. નારદ શિલા, આ શિલાપર નારદજીએ દીર્ઘ સમય સુધી તપ કર્યુ હતું. ૩. માર્કન્ડેય શિલા, અહીં માર્કંડેયે ભગવાનની પૂજા કરી હતી. ૪. નરસિંહ શિલા, હિરણ્યકશીપુના વધ પછી ભગવાન નરસિંહ અહિંયા પધાર્યા હતા. ૫. વરાહ શિલા, પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરી હિરણ્યાક્ષના વધ પછી ભગવાન વરાહ આ શિલાપર બેઠા હતા. તે ઉપરાંત ઋષિ ગંગા , કૂર્મ ધારા, પ્રહલાદ ધારા જેવા પણ તીર્થો છે.







ફૂલસમી કાયા સમા શ્રી નીલકંઠ વર્ણી કાતિલ ઠંડીમાં ઉઘાડા પગે ખુલ્લા શરીરે ખુલ્લા મસ્તકે કાર્તિક વદ-૪ ના રોજ જોશીમઠથી નીકળી બદ્રીકાશ્રમમાં નર નારાયણ ઋષિના આશ્રમમાં પહોંચ્યા હતા ત્યારે તેમને અતિ ચમત્કારી અને અલૌકિક સ્વરૂપ જોઈને તે મંદિરના પૂજારીને ખુબ ભાવ થયો . ત્યારે પૂજારીએ પૂછ્યું તમે કોણ છો ? અને ક્યાથી પધારો છો? પછી મહારાજનું અલૌકિક સ્વરુપ જોઈ અને ચરણમાં સોળ ચિહ્ન જોઈ જાણે સાક્ષાત્ નર નારાયણ ઋષિ પધાર્યા હોય તેવો તેને ભાવ થયો. ત્યાર બાદ પૂજારીએ વિનંતિભાવે નીલકંઠ વર્ણીને સ્તુતિ કરી. પૂજારીનો ભાવ જોઈ વર્ણી ખુબજ રાજી થયા અને મંદિરમાં રહ્યા તેથી પૂજારી રોજ વર્ણીને નરનારાયણનો થાળ જમાડીને પ્રેમથી સેવા કરતા હતા.

વર્ણી કથાવાર્તા અને ઉપદેશથી બદ્રીનાથ આવતા તમામયાત્રિકોને રાજી કરતા અને યાત્રિકોને પણ શ્રી વર્ણીરાજનાં દર્શન માત્રથી પોતાના સંકલ્પ બંધ થઈ જતા હતા. પંજાબના રાજા રણજીતસિંહને પણ બદ્રીનાથમાં પોતાના સ્વરુપનું જ્ઞાન આપ્યુ હતું. જ્યારે બદરીનાથના દ્વાર બંધ થયા ત્યારે પૂજારી નીલકંઠ વર્ણીને હાથી પર બેસાડી જોશીમઠ લાવ્યા હતા.

બદરીકાશ્રમમાંથી નીકળીને શ્રી નીલકંઠ વર્ણી માન સરોવરની કઠોર યાત્રા કરી, છ માસની યાત્રા બાદ પુનઃ અખાત્રીજના દિવસે તેઓ બદરીનાથ ધામમાં પ્રવેશ્યા ત્યારે પૂજારીએ વર્ણીને ઓળખ્યા ને વર્ણીને જમાડ્યા હતા.






# કેદારનાથ (ઉત્તરાખંડ)

## તા. ૨૮-૦૮-૦૮ શ્રાવણ વદ - ૧૨



ઋષિકેશથી વાહન માર્ગે ગૌરીકુંડ સુધી પહોંચી આગળ ૧૫ કિ.મી. જેટલું કપરુ ચઢાણ પગપાળા અથવા ઘોડા વિગેરે વડે કાપીને ત્યાં પહોંચાય છે. સ્કંદપુરાણના કથાનક મુજબ સત્યુગમાં ઉપમન્યુએ અહીં શિવારાધના કરી હતી. એક મત મુજબ ભગવાન નરનારાયણે અહીં પાર્થિવ શિવલિંગની પૂજા કરી છે પરંતુ આ તીર્થ સાથે સવિશેષ સંકળાયેલી કથા દ્વાપરયુગની છે જેનું સવિસ્તાર નિરુપણ શિવપુરાણની કોટિરુદ્ર સંહિતામાં જોવા મળે છે.

કુરુક્ષેત્રના મેદાનમાં મહાસંહારથી અશાંતિ અનુભવતા પાંડવો ને ભગવાન શ્રી કૃષ્ણે શિવારાધના માટે પ્રેર્યા. શિવારાધનામાં લાગેલા પાંડવોને દર્શન ન દેવા ઈચ્છતા શિવજી ગુપ્તકાશીમાં આવી રહેવા લાગ્યા. ત્યારે ત્રિકાળ જ્ઞાન શક્તિથી આ જાણી સહદેવજી પાંડવો સાથે ત્યાં આવ્યા ત્યારે શિવજી ત્યાંથી કેદારનાથ આવી ગયા. પાંડવોએ પણ પીછેહઠ ના કરી. ઉપર આવ્યા. ત્યારે શિવજીએ પાંડવો ઓળખી ન શકે તેથી વૃષભ (બળદ) રુપ ધારણ કર્યું. પરંતુ ભક્તિ અને શ્રદ્ધાથી અંજીત આંખોમાં ઈશ્વર અપરિચિત ન રહી શકે. ભીમે પાછળ દોટ મૂકી, વૃષભ રુપધારી શિવજીએ માથા વડે પૃથ્વીમાં પ્રવેશ કર્યો. ત્યાં તો બીજો પાછળનો ભાગ પકડી લીધો. પાંડવો સમક્ષ સદાશિવ સાક્ષાત પ્રગટ થયા ને પ્રસન્નતા દર્શાવી પોતાના આ ત્રિકોણાકાર લિંગ પર ઘીનું લેપન કરવાની આજ્ઞા કરી. પાંડવોએ 'नमस्तुङ्गशिरश्चुम्बि चन्द्रचामरचारवे । त्रैलोक्यनगरारम्भमूलस्तंभाय शंभवे ॥' સ્તુતિ કરી. એ ભાગ ત્રિકોણાકાર બળદની ખૂંધ જેવો જ ત્યાં શિવલિંગરુપે થયો. જે આજે પણ તથાવત્ દૃશ્યમાન છે. તેથી આજે પણ અન્ય શિવલિંગોની જેમ અહિં અભિષેક નહિ પરંતુ ઘીના લેપનનો મહિમા વિશેષ છે. બાર સ્વયંભૂ જ્યોતિર્લિંગમાંનું આ પણ એક જ્યોતિર્લિંગ ગણાય છે. કાળા પથ્થરોની દાક્ષિણાત્ય શિલ્પ શૈલીથી બંધાયેલ આ મંદિરમાં પાંચ પાંડવો અને દ્રૌપદીની પ્રતિમા પણ જોવા મળે છે. મંદિરની પાછળ ૨૧,૯૧૯ ફૂટ ઊંચો સુમેરુ પર્વતનું હિમાચ્છાદિત શિખર વિશેષ મનોહર લાગે છે. અહિં મંદિરના પાછળના ભાગમાં આદિ શંકરાચાર્યજીનું સમાધિસ્થાન છે. જેનાથી ઉપર થોડે દૂર મંદાકિની ગંગાના ઉદ્ગમસ્રોતના દર્શન થાય છે.

સ. ગુ. શ્રી આધારાનંદ મુનિએ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં (પુર-૨, તરંગ-૧૫) લીધેલી નોંધ મુજબ શ્રી નીલકંઠ વર્ણી ગુપ્તકાશી, ગુપ્તપ્રયાગ, ત્રિયુગીનારાયણ થઈ ગૌરીકુંડ પધાર્યા, અહિં સ્નાન કરી કેદારનાથ પધાર્યા હતા. માત્ર એક મૃગચર્મધારી, અગિયાર વર્ષના નીલકંઠ પ્રભુ એકાકિ અનાચ્છાદિત પગે આવી કાતિલ ઠંડીમાં કોઈપણ આધુનિક ઉપકરણ વગર આવી યાત્રા ખેડે ત્યારે એમની અતિમાનુષી લીલા જ સમજવી રહી, કેમ જે નીલકંઠ પ્રભુએ લીધેલો કેદારનાથથી બદ્રિનાથનો રસ્તો આજે આટઆટલા સાધન-સમ્પન્ન યુગમાં હજુ પણ પર્વતારોહક સાહસવીરો માટે એક અનોખી ચુનૌતી રહ્યો છે.





# મથુરા-ગોકુલ-વૃંદાવન (ઉત્તરપ્રદેશ)

## તા. ૩૧-૦૮-૦૮ ભાદરવા સુદ - ૧

**મથુરા :-** ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિના આ શહેરનું અસ્તિત્વ તો પ્રાચીનકાળથી છે. પરંતુ અર્વાચીન ઈતિહાસકારો દ્વારા ઈ. પૂર્વે પાંચમી શતાબ્દીથી તેનું મહત્ત્વ સિદ્ધ કરાયું છે. પુરાણ સમયથી જ મથુરા સમૃદ્ધિશાળી નગરી હતી. જ્યાં હિન્દુધર્મ પ્રચલિત હતો, અને પછીથી થોડાં વર્ષો બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રભાવ પણ વધ્યો હતો.



આ નગરીનું મુખ્ય તીર્થ છે : ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ; કારાગૃહની એ કોટડી આજે પણ આપણને ભોંયરામાં બતાવામાં આવે છે, જ્યાં પ્રભુ પ્રગટ્યા હતા. શ્રીકૃષ્ણ જન્મભૂમિનો 'કેશવ મંદિર' વાળો વિસ્તાર મલ્લપુરા તરીકે ઓળખાય છે.



**ગોકુળ :-** ગોકુળમાં નંદરાજાનો મહેલ, જૂનો કિલ્લો - જ્યાં શ્રીકૃષ્ણ તથા બલભદ્રને કંસની બીકથી નંદરાજાએ સંતાડ્યા હતા, યમુનાના ઘાટ ઉપર કદમનું વૃક્ષ - જ્યાંથી ભગવાને યમુનામાં પડી કાલીય નાગને નાથ્યો હતો, પૂતના મંદિર - જ્યાં પૂતનામાસીનો વધ કર્યો હતો, વગેરે સ્થાનો દર્શનીય છે. અહીં યમુનાજીના કિનારા ઉપર ચીરઘાટ છે. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓનાં ચીર હરી લીધાં હતાં, વળી મહાવનમાં નંદભૂવન છ. શ્રીકૃષ્ણના લીલાસ્થાન અને મહાપવિત્ર ભૂમિ તરીકે ગોકુળ એ હિન્દુઓનું મહામોટું તીર્થધામ છે.

**વૃંદાવન :-** વૃંદાવન શ્રીકૃષ્ણ ભગવાનની દિવ્યલીલાથી યાત્રાનું મહાધામ બની ગયું છે. ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં આ સ્થળે તુલસી (વૃંદા)નું વન હતું તેથી તે વૃંદાવન તરીકે પ્રસિદ્ધ થયું છે.



અહીં આજે જુદા જુદા સંપ્રદાયનાં ઘણાં મંદિરો છે. જેમાં મુખ્યત્વે શ્રી ગોવિંદદેવજીનું મંદિર જે જયપુરના રાજા માનસિંહે બંધાવ્યું છે. તથા શ્રીરંગદેવનું મંદિર મથુરાના શેઠ લક્ષ્મીચંદબાબુએ બંધાવ્યું છે. આ મંદિર દક્ષિણી નકશીશૈલીમાં બંધાયેલું છે. કારણ કે શેઠ લક્ષ્મીચંદબાબુના ગુરુ દક્ષિણભારતના હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં માતા-પિતા ધર્મ-ભક્તિ, તથા ગુરુ રામાનંદ સ્વામીને અહીં કૃષ્ણપ્રભુએ દર્શન આપ્યાં હતાં.














# દ્વારિકા (ગુજરાત)

## તા. ૦૨-૦૯-૦૮ ભાદરવા સુદ - ૩

સાત મોક્ષપુરીમાં ગણાતી દ્વારિકા પ્રાચીન તીર્થનગરી છે. ગુજરાતનું આ યાત્રાધામ ભારતના ચાર ધામોમાંનું આ એક યાત્રાનું મહત્ત્વનું ધામ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં દ્વારિકા આદિક તીર્થસ્થાનોની યાત્રા કરવાની આજ્ઞા કરી છે. ભગવાન શ્રીકૃષ્ણે યાદવો માટે વસાવેલી અદ્‌ભૂત શિલ્પ-સ્થાપત્યવાળી આ નગરીમાં છપ્પન કોટિ યાદવો વસતા, સુવર્ણ કળશોવાળા પ્રાસાદો હતા. ગગનસ્પર્શી અટારીઓ હતી. ગ્રંથોમાં તે દ્વારાવતી, કુશસ્થળી વગેરે નામોથી પણ ઓળખાય છે. લોકમાન્યતા એવી છે કે મંદિર સિવાયની અસલી નગરી તો શ્રીકૃષ્ણ ભગવાનના સ્વધામગમન પછી સાતમે જ દિવસે સમુદ્રમાં ડૂબી ગઈ હતી.

આ નગરીમાં મુખ્ય શ્રી રણછોડરાયજીનું મંદિર ગોમતીજીને કાંઠે આવેલા ઘાટ ઉપર જ છે. ગોમતીજી અહીં સમુદ્રને મળે છે તેથી તે **'સંગમતીર્થ'** કે **'ગોમતી તીર્થ'** પણ કહેવાય છે. મંદિરનું શંકુ આકારનું શિખર ૧૪૦ ફૂટ ઊંચું છે તેની છેક ઉપર ચડવા અંદરથી સીડી છે. બારીક કોતરકામ પણ છે. આ મંદિરની અપ્રતિમ ઊંચાઈને કારણે 'જગત્ મંદિર' પણ કહેવાય છે.

અન્ય મંદિરોમાં ત્રિકમજી, કલ્યાણરાયજી (પ્રદ્યુમ્ન), લક્ષ્મીજી, ગોવર્ધનનાથજી અને દુર્વાસા મુનિના મંદિરો છે. વળી શ્રીકૃષ્ણની પટરાણીઓના નામે મંદિરો છે અને દામોદરકુંડ. સાવિત્રીકુવો તથા જે તળાવની માટી ગોપીચંદન કહેવાય છે તે **'ગોપીતળાવ'** પણ થોડે દૂર આવેલું છે. દ્વારિકાથી થોડે દૂર બાર જ્યોતિર્લિંગ માંહેલું **નાગેશ્વર મહાદેવ** મંદિર અને **બેટદ્વારકા** આદિક તીર્થો આવેલા છે.
















# ભારતીય રેલ્વેમાં સૌપ્રથમ વાર એક નવો ઈતિહાસ
# એક સાથે ૩૧ દિવસ માટે ૧૪૦૦ યાત્રિકોની ટીકીટ

ભારત દેશના મુખ્ય **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક તીર્થધામોની સાથે **નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, ત્રીચીનાપલ્લી, શ્રીરંગક્ષેત્ર, મદ્રાસ, શિવકાંચી-વિષ્ણુકાંચી, ભૂતપુરી, તિરૂપતિ બાલાજી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કોણાર્ક (સૂર્યમંદિર), ગયાજી, બૌદ્ધગયા, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કેદારનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ** વગેરે ધાર્મિક સ્થળોની ૩૧ દિવસ માટે ૧૪૦૦ યાત્રિકો સાથે આટલા લાંબા રૂટની એક સાથે ટીકીટનું બુકીંગ થાય તેવું ભારતીય રેલ્વેની સ્થાપના પછી સૌપ્રથમ વાર બન્યાનું સુખદ આશ્ચર્ય સ્વયં રેલ્વે અધિકારીઓને થયું હતું અને જણાવ્યું હતું કે, આ ટ્રેનયાત્રા તો ‘લીમકા રેકોર્ડ બુક’ અથવા ‘ગીનીસ બુક ઓફ રેકોર્ડ’માં સ્થાન પામવા પાત્ર અતિ યોગ્ય - અદ્‌ભુત ઘટના નિર્માણ થયેલી છે. જેની નોંધ પણ દરેક અખબાર તેમજ મિડીયા રીપોટરોએ લીધી હતી.

સામાન્ય રીતે પેસેન્જર ટ્રેન બાર-ચૌદ કે સોળ-અઢાર કોચની હોય છે, પરંતુ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પાંચમી આ ચારધામની શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા ૨૦ ડબ્બા (કોચ)ની હતી. જગ્યાની મર્યાદાના કારણે પ્રતિક્ષા યાદી (વેઈટીંગ લીસ્ટ)માં નોંધાયેલા નામવાળા કેટલાય યાત્રિકોને યાત્રાનો લાભ આપી શકાયો ન હતો.

આ અદ્‌ભુત !, અદ્વિતીય !, અકલ્પ્ય !, અભૂતપૂર્વ ! અને સ્વઅનુભૂતિસભર ટ્રેનયાત્રા સંપૂર્ણપણે નિર્વિઘ્નપણે પૂરી થઈ અને પૂર્ણ સફળતા ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય અસીમકૃપા અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ તેમજ યાત્રા વ્યવસ્થાના નાના-મોટા દરેક આયોજકો, પૂ. સંતોશ્રી - સ્વયંસેવકોની તનતોડ અને ખંતપૂર્વક સેવા અને યાત્રિકોની શુભ ભાવનાને આભારી છે.

**અનુસંધાન પેજ ૯નું ચાલું...**

**તમામયાત્રિકોને પીરસાયને જમવાનું કાર્ય ફક્ત ૧૫ થી ૨૦ મીનીટમાં પરિપૂર્ણ થઈજતું હતું.**

- **ભારતીય રેલ્વેના ઈતિહાસમાં સૌપ્રથમવાર એક સાથે ૩૧દિવસ માટે ૧૪૦૦ યાત્રિકોની ટીકીટનું બુકીંગ.**
- **૨૦ કોચની આ ટ્રેનયાત્રામાં એક કોચ એન.આર. આઈ ભારતીય યાત્રિકોનો હતો.**
- **ટ્રેનયાત્રામાં પૂ. સંતો દ્વારા સતત સત્સંગ- કથા-વાર્તાના અલભ્ય લાભ સાથે તીર્થમહિમા શ્રવણ.**
- **ટ્રેનયાત્રા દરમ્યાન જગન્નાથપુરીમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ, છપૈયામાં શ્રી ઘનશ્યામલીલામૃત કથાપારાયણ અને ચાલુ ટ્રેનમાં વચનામૃત તથા પુરુષોત્તમપ્રકાશની કથાપારાયણનો યાત્રિકોને અમૂલ્ય લ્હાવો.**
- **ટ્રેનયાત્રામમાં દરેક કોચમાં સત્સંગ-કથા-વાર્તા-કીર્તન અને સૂચના માટે ગોઠવવામાં આવેલ અદ્‌ભૂત સાઉન્ડ સીસ્ટમ.**
- **ભગવાન શ્રીહરિની કૃપા તથા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભાશીર્વાદથી અદ્‌ભૂત !, અદ્વિતીય !, અકલ્પ્ય!, અભૂતપૂર્વ ! અને સ્વઅનુભૂતિસભર ટ્રેનયાત્રા સંપૂર્ણપણે નિર્વિઘ્નપણે પૂર્ણ થઈ તે હકીકત સૌથી ધ્યાન વધુ ખેંચનારી બાબત છે.**




**શ્રીજીપ્રસાદિભૂત તીર્થધામશ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં**

# ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી

શ્રી પરસોતમવેલજીભાઈ - લંડન
શ્રી ભીમજીભાઈ ખેતાણી - લંડન
શ્રી જયેશ જાદવજીભાઈ - લંડન
શ્રી કેસરાભાઈ રામજીભાઈ - લંડન
શ્રી મહેન્દ્રભાઈ કેસરાભાઈ - લંડન
શ્રી બાબુભાઈ નાનજીભાઈ વરસડા
શ્રી નારણભાઈ કરશનભાઈ - પીપરીયા
શ્રી જાદવભાઈ કરમશીભાઈ - ધારેશ્વર
શ્રી જયંતિભાઈ ડી. મકવાણા - બિલીમોરા
શ્રી અમરશીભાઈ ગોપાલભાઈ - રાજકોટ
શ્રી રસીલાબેન જયંતિભાઈ - ધંધુકા
શ્રી કાંતિભાઈપટેલ - ધંધુકા
શ્રી કુસુમબેન બાબુભાઈ - ધંધુકા
શ્રી લલીતાબેન પ્રવીણભાઈ - ઢસા
શ્રી ગોવિંદભાઈ નારણભાઈ - નારણપુર
શ્રી ગોપાલભાઈ મનજીભાઈ - અમદાવાદ
શ્રી પ્રવિણભાઈ કાળુભાઈ - અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ પોપટભાઈ - અમદાવાદ
શ્રી વલ્લભભાઈ વાઘજીભાઈ - અમદાવાદ
શ્રી મોહનભાઈ નાનજીભાઈ - પીપળવા
શ્રી ડાયાલાલ ગોકળદાસ - કેશોદ
શ્રી મગનભાઈ પટેલ - શેડુભાર અમરેલી
શ્રી હિતેશભગત - શ્રીજીનગર સુરત
શ્રી કોઠારી લીંબાભાઈ ઢાંકેચા - સરધાર
શ્રી શંકુલાબેન ભવાનશીભાઈ - વડોદરા
શ્રી વિઠ્ઠલભાઈ વાઘજીભાઈ - વેળાવદર
શ્રી કાળુભાઈ જીવરાજભાઈ - વેળાવદર
શ્રી મનુભાઈ મોહનભાઈ - નાના માચીયાળા
શ્રી મયુરભાઈ પટેલ - કરમસદ
શ્રી વજુભાઈ લવજીભાઈ - ઘોઘા સમઢી
શ્રી શિવાભાઈ ભીખાભાઈ પટેલ - અમેરિકા
શ્રી તુલશીભાઈ દેવશીભાઈ - રાણપરી
શ્રી મોતીબેન પ્રેમજીભાઈ - ધંધુકા
શ્રી અમરશીભાઈ મૂળજીભાઈ - સુરત
શ્રી સોની ધીરજભાઈ વૃજલાલ - સુરત
શ્રી કાંતિભાઈ મોહનભાઈ - રાજકોટ
શ્રી મંદાકીનીબેન હિંમતકુમાર - બેંગલોર
શ્રી આરતીબેન રામાણી - બેંગલોર

શ્રી ઘનશ્યામભાઈ ગંગદાસભાઈ - નાનાવડા
શ્રી બાબુભાઈ પરસોતમભાઈ - અમેરિકા
શ્રી ભગવતીબેન પટેલ - અમેરિકા
શ્રી ભારતીબેન એમ. પટેલ - સારસા
શ્રી ચકુબેન ભુરાભાઈ - શાલ પીપરીયા
શ્રી દિનેશભાઈ શિવજીભાઈ - બળદીયા
શ્રી દેવજીભાઈ ધનજીભાઈ - બોરિવલી
શ્રી રામજીભાઈ વાલજીભાઈ - બળદીયા
શ્રી પારસભાઈ આઈદાનજી - મુંબઈ
શ્રી હરજીભાઈ દેવજીભાઈ - ભૂજ
શ્રી શંભુભાઈ નાથાભાઈ - બાંટવા
શ્રી કનુભાઈ વલ્લભભાઈ - ભેંસાણ
શ્રી તુલશીદાસ નારણભાઈ - કેરા
શ્રી હંસાબેન જીવરાજભાઈ - વિજપડી
શ્રી અમરશીભાઈ ખોખરીયા - જામગુંદાળા
શ્રી બાઢડા સત્સંગ સમાજ - બાઢડા
શ્રી દેવજીભાઈ હરજીભાઈ - શાખપુર
શ્રી વાલજીભાઈ બેચરભાઈ - જુડવડલી
શ્રી જયંતિલાલ વેલજીભાઈ - લંડન
શ્રી તારાબેન કનૈયાલાલ - રાજકોટ
શ્રી પુનાભાઈ ભીખાભાઈ - મોટાગોખરવાળા
શ્રી ધીરુભાઈ રવજીભાઈ - સુરત
શ્રી ઉકાભાઈ ભગવાનભાઈ - વલ્લભીપુર
શ્રી બચુભાઈ ધરમશીભાઈ - અમદાવાદ
શ્રી મિરલ જયંતિલાલ - કેનેડા
શ્રી ચમનલાલ મોહનભાઈ - અંકલેશ્વર
શ્રી રમેશભાઈ કરશનભાઈ - જુની હળિયાદ
શ્રી વરુણદેવ ટીમ્બર્સ - વડોદરા
શ્રી વિઠ્ઠલભાઈ ભીમજીભાઈ - ધારેશ્વર
શ્રી ધનજીભાઈ મધુભાઈ - ધારેશ્વર
શ્રી લીલીબેન બાબુભાઈ - કાત્રોડી
શ્રી પૂજાબેન ભીમજીભાઈ - રામગઢ
શ્રી વલ્લભભાઈ લક્ષ્મણભાઈ - સુરત
શ્રી વાલજીભાઈ પટેલ - કણકોટ
શ્રી અનંતકુમાર સી. અમીન - અમેરિકા
શ્રી લલીતાબેન મંગળલાલ - ખંભાત
શ્રી ચંદુલાલ સુખલાલ - ઉમરેઠ
શ્રી સોની કીર્તિભાઈ જે. ખેડા

શ્રી બાબુભાઈ પ્રાણજીવનદાસ - ડોંબીવલી
શ્રી મનીષકુમાર હસમુખલાલ
શ્રી જાદવજીભાઈ તુલશીભાઈ - પચ્છમ
શ્રી કીરીટભાઈ રસીકલાલ - બોરીવલી
શ્રી ભારતીબેન ભરતકુમાર - ઘાટકોપર
શ્રી અ.નિ. મકનભાઈ સુખાભાઈ
શ્રી કિશોરભાઈ જાદવભાઈ - સરધાર
શ્રી વિઠ્ઠલભાઈ દેવજીભાઈ - કુંભારીયા
શ્રી રણછોડભાઈ રવજીભાઈ - સરધાર
શ્રી ધર્મેશભાઈ પટેલ - ચિત્તલ
શ્રી હસુભાઈ પટેલ - ચિત્તલ
શ્રી ઘનશ્યામભાઈ ભીખાભાઈ - ચિત્તલ
શ્રી સુધાબેન કનુભાઈ - લંડન
શ્રી ધનજીભાઈ વલ્લભભાઈ ભાલાળા
શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈ વસાણી - માનકુવા
શ્રી કે.જી. પટેલ - ભરુચ
શ્રી રામજીભાઈ નાગજીભાઈ - પીપળ
શ્રી મકોડભાઈ તળશીભાઈ - સુરત
શ્રી લાભેન્દ્રભાઈ રામજીભાઈ - ભાખાગીર
શ્રી ભૂપતભાઈ ઘુસાભાઈ - કાજાવદર
શ્રી લક્ષ્મણભાઈ હીરાણી - કચ્છ
શ્રી ખીમજીભાઈ હિરાણી - કચ્છ
શ્રી હરજીભાઈ રવજીભાઈ - માનકુવા
શ્રી ભગવાનભાઈ લાલજીભાઈ - અમેરિકા
શ્રી શામજીભાઈ રામજીભાઈ - ઢસા
શ્રી શિવાભાઈ ખીમાભાઈ - અમેરિકા
શ્રી કમળાબેન રવજીભાઈ - અમેરિકા
શ્રી મનજીભાઈ કુંવરજીભાઈ - બળદીયા
શ્રી હિરાભાઈ કિશોરભાઈ - રતનપર
શ્રી રતનબેન શાંતીભાઈ - અમેરિકા
શ્રી મંજુલાબેન ચંદુભાઈ - અમેરિકા
શ્રી લાલજીભાઈ ખીમજીભાઈ - ભૂજ
શ્રી વેલજીભાઈ શામજીભાઈ - ભૂજ
શ્રી મનજીભાઈ નારણભાઈ - કચ્છ
શ્રી લખમણભાઈ માવજીભાઈ - ઝમરાળા
શ્રી કરશનભાઈ પરબતભાઈ - માનકુવા
શ્રી અ.નિ.ખીમજીભાઈ કરશનભાઈ - નારણપર
શ્રી હરિભાઈ ડાયાભાઈ - વાવેરા

શ્રી બાબુભાઈ ડાયાભાઈ - મલાડ
શ્રી ગગજીભાઈ ડાયાભાઈ - મલાડ
શ્રી કાળુભાઈ મનજીભાઈ - દહિસર
શ્રી નનુભાઈ રાણાભાઈ - દહિસર
શ્રી ભગવાનભાઈ ભુરાભાઈ - બોરિવલી
શ્રી શંભુભાઈ પરસોતમભાઈ - ટીંબડી
શ્રી નબુબેન જાદવભાઈ - સાવરકુંડલા
શ્રી ભવાનભાઈ પાંચાભાઈ - રાજકોટ
શ્રી ગોરધનભાઈ જીવરાજભાઈ નાનારાજકોટ
શ્રી હિરાણી ગોવિંદભાઈ - અગતરાય
શ્રી મધુભાઈ હરિભાઈ - માલસીકા
શ્રી હસમુખભાઈ ગગજીભાઈ - માલસીકા
શ્રી ડાવરીયા અરજણભાઈ - ઢસા
શ્રી મધુબેન પી. સોલંકી - ઢસા
શ્રી નાનજીભાઈ ધનજીભાઈ કોરાટ - રાજકોટ
શ્રી મગનભાઈ પોપટભાઈ - સુરત
શ્રી વલ્લભભાઈ સવાણી - ગઢડા
શ્રી ચતુરભાઈ પોપટભાઈ - પચ્છમ

શ્રી નરશીભાઈ કાનજીભાઈ - ગોંડલ
શ્રી શામજીભાઈ - રામોદ
શ્રી અ.નિ. મોંઘીબેન જસમતભાઈ - બોટાદ
શ્રી શામજીભાઈ હરજીભાઈ - બોટાદ
શ્રી રણછોડભાઈ માવજીભાઈ - ગઢડા
શ્રી પરસોતમભાઈ મધુભાઈ - પીઠવડી
શ્રી ભારતીબેન પાનકી - રાજકોટ
શ્રી રતિલાલ હરિલાલ - રાજકોટ
શ્રી હસમુખભાઈ ચોટલીયા - રાજકોટ
શ્રી વિઠ્ઠલભાઈ ભુરાભાઈ - સુરત
શ્રી પોપટભાઈ કરમશીભાઈ ભંડેરી
શ્રી ભીખુભાઈ બાવનજીભાઈ કેરાળી
શ્રી પ્રભાબેન હરજીભાઈ - જુનાગઢ
શ્રી હંસાબેન ટાંક - અમદાવાદ
શ્રી ધરમશીભાઈ હરજીભાઈ - બોટાદ
શ્રી ગંગાબેન નાગજીભાઈ - નવાથોરાણા
શ્રી પરસોતમભાઈ મોહનભાઈ - મોજીદડ
શ્રી ખેતાભાઈ કાનજીભાઈ - કચ્છ

શ્રી અંબીકાવિજય સો મીલ - કરજણ
શ્રી નરનારાયણ ટ્રેડર્સ - સાધલી
શ્રી લાભુબેન જીવણભાઈ - સુરત
શ્રી વલ્લભભાઈ કેશુભાઈ - હિરાણા
શ્રી અ.નિ. ઝવેરબાની તિથિ નિમિત્તે - જામનગર
શ્રી કમાભાઈ ચાવડા - રામપરા
શ્રી ડાયાભાઈ લાલજીભાઈ - બોટાદ
શ્રી નિલેશકુમાર નવનીતભાઈ - વડોદરા
શ્રી નાથાભાઈ ભાઈલાલભાઈ - ખાંધલી
શ્રી જાદવજીભાઈ માવજીભાઈ - મોઘાપર
શ્રીઅ.નિ. વેલજીભાઈ મૂળજીભાઈ
શ્રી પરસોતમભાઈ વલ્લભભાઈ - વાંકાનેર
શ્રી મોહનભાઈ પ્રાગજીભાઈ - વેળાવદર
શ્રી રવજીભાઈ ભીખાભાઈ - વડતાલ
શ્રી શારદાબેન ચુનીભાઈ - વડતાલ
શ્રી ડૉ. ભગવાનદાસ ઠક્કર - ડોંબીવલી
શ્રી દેવુબાબેન કાળુભાઈ - વેળાવદર
શ્રી દિલીપભાઈ ભીમજીભાઈ - બોટાદ

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક ભેટ નામાવલી

૧૨૫૦/- સાંખ્યયોગી અંકિતાબેન, ગુરુ :- વિલાસબેન - ગઢડા
૧૦૦૦/- બાબુભાઈ બાવચંદભાઈ કળશા - નવાગામ
૫૦૧/- ભાસ્કરભાઈ જે. મહેતા - બનાસકાંઠા
૫૦૧/- હર્ષદભાઈ પાંચાભાઈ માંડાણી - અમરેલી
૫૦૧/- કમલેશકુમાર જગદિશભાઈ દેસાઈ - વડોદરા
૨૫૧/- ડાયાલાલ ગોકળદાસ - કેશોદ
૨૫૧/- વિનયકાંત ડાયાલાલ - કેશોદ
૨૫૧/- પોપટભાઈ ગંગદાસભાઈ રાદડીયા સમઢીયાળા-ચારણ
૨૫૧/- શંભુભાઈ કાનજીભાઈ દેવાણી - સરાકડિયા
૨૫૧/- ધર્મશભાઈ ધીરુભાઈ પટેલ - ચિત્તલ
૨૫૧/- બાબુભાઈ જીવરાજભાઈ પટેલ - સુરત
૨૫૧/- સોજીત્રા વિઠ્ઠલભાઈ ભીમજીભાઈ - ધારેશ્વર
૨૫૧/- અ.નિ. વાલજીભાઈ જીવાભાઈ - રાજકોટ
૨૫૧/- ભાવનાબેન દિનેશભાઈ પટેલ
૨૫૧/- તારાબેન બિપીનભાઈ અમીન
૨૫૧/- કાનજીભાઈ પ્રાગજીભાઈ - વેળાવદર
૨૫૧/- રમાબેન બાબુભાઈ ટાંક - મીરારોડ
૨૫૧/- દેસાઈ મનુભાઈ આંબાભાઈ
૨૫૧/- નિતેશકુમાર ગંગદાસભાઈ દેસાઈ
૨૫૧/- લીલાબેન પરસોતમભાઈ ઘેલાણી - સુરત
૨૫૧/- નિલેશભાઈ નવનીતભાઈ સોની - વડોદરા
૨૫૧/- ભૂપતભાઈ ઘુસાભાઈ મોરી - કાગવદર
૨૫૧/- મિસ્ત્રી મણીલાલ દામોદરદાસ - સારસા
૨૫૧/- ખોડાભાઈ ભવાનભાઈ માંગુકીયા - બાઢડા
૨૫૧/- માવજીભાઈ આંબાભાઈ ઢોલરીયા - બાઢડા
૨૫૧/- શાંતિબેન બચુભાઈ કોઠીયા - બાઢડા
૨૫૧/- કોઠારી મધુભાઈ હિરજીભાઈ - પીઠવડી
૨૫૧/- બાલુભાઈ ભગવાનભાઈ ચાંઉ - જુનાગઢ
૨૫૧/- મધુભાઈ હરિભાઈ ઢોલરીયા - માલસીકા
૨૫૧/- રવજીભાઈ કરશનભાઈ સાંગાણી - ટોડા
૨૫૧/- પોપટભાઈ ગોપાળભાઈ સાબલપરા - સુરત
૨૫૧/- મગનભાઈ હરિભાઈ ડોબરીયા - અમદાવાદ
૨૫૧/- કમળાબેન સુખલાલ શેલડીયા - ખોડી
૨૫૧/- નિશાંત ધર્મેન્દ્રભાઈ ઠક્કર - ડોંબીવલી
૨૫૧/- બચુભાઈ નાનજીભાઈ ગજેરા - શેડુભાર
૨૫૧/- ઈન્દિરાબેન જયંતિલાલ ઠક્કર - ત્રાણજા
૨૫૧/- રમેશભાઈ કરશનભાઈ રફાળીયા - જુની હળિયાદ
૨૫૧/- નાગજીભાઈ ધનજીભાઈ વઘાસિયા - જુની હળિયાદ
૨૫૧/- અ.નિ. દિનેશકુમાર સી. વાછાણી - જેતપુર
૨૫૧/- ચતુરભાઈ પોપટભાઈ ભોય - પચ્છમ
૨૫૧/- રમેશભાઈ લાલજીભાઈ પટેલ - સુરત
૨૫૧/- અરવિંદભાઈ તુલશીભાઈ સાપરીયા - મુંબઈ
૨૦૧/- જયસુખભાઈ ટી. કાચા - જામનગર
૧૦૧/- કેતનકુમાર કિશોરભાઈ સાપરીયા - રાજકોટ
૧૦૧/- પ્રવિણભાઈ ગોવિંદભાઈ રાઠોડ - કાંદિવલી
૧૦૧/- અરવિંદભાઈ તુલશીભાઈ સાપરીયા - મુંબઈ

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## મલાડ(મુંબઈ)ને આંગણે યોજાયેલ દ્વિમાસિક સત્સંગ સભા







## મકરપુરા(વડોદરા)ને આંગણે પવિત્ર શ્રાવણ માસમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ





## ગોધરાને આંગણે યોજાયેલ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૫૯મો પ્રાકટોત્સવ








## ડોંબીવલી (મુંબઈ)ને આંગણે યોજાયેલ જન્માષ્ટમી મહોત્સવ તથા ગણેશ મહોત્સવ






## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - ગઢપુર દ્વારા પ્રકાશિત...

### આજે જ આપના ઘરમાં વસાવો...સં.૨૦૬૪/૬૫, ઈ.સ. ૨૦૦૮/૯નાં વ્રત-ઉત્સવનો કેલેન્ડર ડટ્ટાઓ




વ્હાલા ભક્તજનો દર વર્ષની જેમઆ વર્ષે સંવત ૨૦૬૪/૬૫, ઈ.સં. ૨૦૦૮/૯નાં વ્રત-ઉત્સવોનો નિર્ણયના ડટ્ટાઓ શ્રી સ્વા. મંદિર - ગઢપુર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં જાહેર રજાઓ, તહેવારો, મહોત્સવો, શ્રીહરિ નવમી, એકાદશીઓ, પૂર્ણિમાઓ, દીપાવલી, મંદિરોની પ્રતિષ્ઠા-પાટોત્સવ તિથિઓ વગેરે વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ડટ્ટાઓ નીચેના સ્થળોથી પ્રાપ્ત થઈ શકશે.

(૧) **ગઢપુર** : શ્રી સ્વા. મંદિર, ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ (૨) **સરધાર** : શ્રી સ્વા. મંદિર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ (૩) **વડતાલ** : શ્રી રઘુવીર વાડી, મો.નં. ૯૮૨૫૨ ૩૪૩૬૨ (૪) **સાવરકુંડલા** : કાનાણી ટ્રેડર્સ, નાવલી નદીને કાંઠે. ફો.નં. ૦૨૮૪૫ - ૨૪૨૪૨૧૧ (૫) **બોટાદ** : સન્ની ટ્રેડર્સ. ફો.નં. ૯૮૨૪૦ ૩૫૮૧૪

**વધુ વિગત માટે** :- પૂ. કો. શ્રી ઘનશ્યામવલ્લભ સ્વામી, મો. ૯૪૨૬૮ ૦૪૧૦૨. શ્રી છપૈયાપ્રકાશ સ્વામી, મો. ૯૪૨૬૮ ૦૪૧૦૯

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર** : તા. ૦૫-૧૦-૦૮, આસો સુદ - ૬, શનિવાર, સવારે ૯ થી ૧

**રાજકોટ** :- તા. ૨૭-૦૯-૦૮, ભાદરવા વદ - ૧૩, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક** :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

## ગઢપુરને આંગણે યોજાયેલ ભવ્ય ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ (જન્માષ્ટમી મહોત્સવ)










## ગઢપુરને આંગણે પરમ પવિત્ર દાદાખાચરના દરબારગઢમાં યોજાયેલ મહામંત્ર લેખન અનુષ્ઠાન







### આગામી કાર્યક્રમો

**શ્રીમદ્ સત્સંગિજીવન**

**કથા પારાયણ - કેરાળા**

**તા. ૭ થી ૧૫ નવેમ્બર - ૦૮**

મુ. કેરાળા (ધાર) તા. સાવરકુંડલા, જી. અમરેલી

સંપર્ક :- ૯૪૨૮૧૪૨૪૪૯














**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**

૧. શિવકાંચીમાં મુખ્ય મંદિરની વિશાળ પ્રદિક્ષણામાં પૂ. સંતો તથા યાત્રિકો. ૨. વિષ્ણુકાંચી મંદિરમાં પૂ. સંતો તથા યાત્રિકો. ૩. ભૂતપુરી - શ્રી રામાનુજાચાર્યના જન્મસ્થાનના દર્શન કરતા પૂ. સંતો તથા યાત્રિકો. ૪. તિરુપતિમાં તિરુમલા પર્વત પર વિષ્ણુપદના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૫. તિરુપતિમાં સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા સંતો. ૬. જગન્નાથપુરીમાં ભગવાન શ્રી જગન્નાથના દર્શન જતા પૂ. સંતો તથા યાત્રિકો. ૭. જગન્નાથપુરીમાં સમુદ્ર કિનારે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યાત્રિકો. ૮. જગન્નાથપુરીમાં ચક્રતીર્થમાં પૂ. સંતો તથા યાત્રિકો. ૯. સાક્ષીગોપાલ ભગવાનના મંદિરના દર્શને સંતો-ભક્તો. ૧૦. ભુવનેશ્વરમાં પ્રાસાદિક મુક્તેશ્વર મહાદેવના દર્શને પૂ. સંતો-ભક્તો. ૧૧. કોનાર્કના કલાત્મક સૂર્યમંદિરના દર્શને પૂ. સંતો-ભક્તો. ૧૨. અલ્હાબાદમાં ત્રિવેણી સંગમમાં પંચામૃત જળેથી ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તો.




**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ' નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા ભારતના પવિત્ર ચારધામની પાંચમી યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**

૧. કાશીમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૨. કાશી-વારાણસી રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ. સંતો તથા યાત્રિકો. ૩. અયોધ્યાથી છપૈયા સુધી પદયાત્રા કરતા પૂ. સ્વામી તથા યાત્રિકો. ૪. છપૈયામાં ભગવાન શ્રીહરિના જન્મસ્થાન દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૫. છપૈયા મંદિરમાં બિરાજમાન ઠાકોરજીના અભિષેક દર્શન. ૬. છપૈયામાં જન્મસ્થાન પર બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક દર્શન. ૭/૮. છપૈયા મંદિરમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ ધરાવેલ છપ્પનભોગ અન્નકૂટ દર્શન. ૯. છપૈયામાં નારાયણ સરોવરને કાંઠે શ્રાદ્ધવિધિ કરતા યાત્રિકો. ૧૦. અયોધ્યામાં ધર્મ-ભક્તિના નિવાસ સ્થાનના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૧૧. અયોધ્યામાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના નિવાસ સ્થાનના દર્શન કરતા પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો-ભક્તો. ૧૨. અયોધ્યામાં પ્રાસાદિક મીઠાઈ દુકાનના દર્શને પૂ. સ્વામીશ્રી તથા સાથે સંતો.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રીજીમહારાજનું પ્રસાદિભૂત તીર્થધામ,
## આવો સરધાર... પધારો સરધાર...

# દિપાવલીના શુભ અવસર ઉપર
# ધનતેરશથી આઠમ સુધી

ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે...
ભગવાન શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં
ખબડદાર થવા માટે...



પ્રભાતફેરી

**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય**
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ**
**સહ આજ્ઞાથી સરધારધામને આંગણે ભવ્ય તેરમી**



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી




કથા-વાર્તા

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી



જ્ઞાનગોષ્ઠી





વ્યાખ્યાનમાળા

## તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૬ નવેમ્બર સુધી


:: પ્રયોજક ::

પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)





કીર્તન-ભક્તિ



સમૂહ સ્નાન



રાસોત્સવ



શેરડી ઉત્સવ



શેરડી ઉત્સવ

:: સ્થળ ::

**'શ્રી સ્વામિનારાયણ બાગ'**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩



ચારધામ'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા' અંતર્ગત જગન્નાથપુરીને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ

- છબીકલા : મયુરપંખ સ્ટુડીયો - સુરત. મો. ૯૮૨૪૪૩૩૩૭૧

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686